# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૨૧



## ૧૦૮મો જન્મ મહોત્સવ

જન્મવધાઇના રે કે સૂર મધુર ગાજે સાહેલડી,
તેજબાને મંદિરે રે કે ચોઘડિયાં વાગે સાહેલડી;
કુંવરીનાં દર્શને રે કે નરનારી હરખે સાહેલડી,
વીરપુરી ધામમાં રે કે કુમકુમ વરસે સાહેલડી.

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● હે વીર પુરુષ! સમ્યગ્દર્શનકા પ્રકાશ કરકે તૂ આત્મજ્ઞાનમેં રમણ કર. સમ્યગ્દૃષ્ટિ આત્માકી પરિણતિ હી અનંતજ્ઞાનકે પ્રકાશકા કારણ હૈ. જો જ્ઞાની આત્મિકજ્ઞાનકે સ્વભાવમેં પ્રગટરૂપસે રમ જાતા હૈ, હે વીર! વહી આત્મા પ્રકાશમાન હોકર મુક્તિકો પાતા હૈ. ૧૮૮૪.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૫૪)

● જીવોએ જે નિરંતર ભોગોનો અનુભવ કર્યો છે તેમનું તે ભોગોથી ઉત્પન્ન થયેલું સુખ અવાસ્તવિક (કલ્પિત) છે. પરંતુ આત્માથી ઉત્પન્ન સુખ અપૂર્વ અને સમીચીન છે;—એવો જેના હૃદયમાં દૃઢ વિશ્વાસ થઈ ગયો છે તે તત્ત્વજ્ઞ છે. ૧૮૮૫. (શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક-૧૫૦)

● (૧) અનાદિ સંસારથી જે આહ્‌લાદ પૂર્વે કદી અનુભવાયો નથી એવા અપૂર્વ, પરમ અદ્‌ભુત આહ્‌લાદરૂપ હોવાથી 'અતિશય', (૨) આત્માને જ આશ્રય કરીને (સ્વાશ્રિત) પ્રવર્તતું હોવાથી 'આત્મોત્પન્ન', (૩) પરાશ્રયથી નિરપેક્ષ હોવાથી (—સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દના તથા સંકલ્પ—વિકલ્પના આશ્રયની અપેક્ષા વિનાનું હોવાથી) 'વિષયાતીત', (૪) અત્યંત વિલક્ષણ હોવાથી (અર્થાત્ બીજાં સુખોથી તદ્દન ભિન્ન લક્ષણવાળું હોવાથી) 'અનુપમ', (૫) સમસ્ત આગામી કાળમાં કદી નાશ નહિ પામતું હોવાથી 'અનંત', અને (૬) અંતર પડ્યા વિના પ્રવર્તતું હોવાથી 'અવિચ્છિન્ન'—આવું શુદ્ધોપયોગથી નિષ્પન્ન થયેલા આત્માઓનું સુખ છે માટે તે (સુખ) સર્વથા પ્રાર્થનીય છે (અર્થાત્ સર્વ પ્રકારે ઇચ્છવાયોગ્ય છે). ૧૮૮૬.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર—ટીકા, ગાથા-૧૩)

● ભાષાસમિતિ વહ કહી ગઈ હૈ કિ જો કુછ જિનેન્દ્રને કેવલજ્ઞાનસે જાનકર કહા હૈ ઉસ ભાષાકો પ્રમાણ કર લેના—માન લેના તથા જ્ઞાનસ્વભાવકા મનન કરતે હુએ શુદ્ધ ભાષા કહના. ૧૮૮૭. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૬૨૦)

● જીવદ્રવ્ય છે તે પોતાના ચેતનાસ્વરૂપમાં, પોતાના જ ક્ષેત્રમાં, પોતાના જ દ્રવ્યમાં તથા પોતાના પરિણમનરૂપ સમયમાં રહીને જ પોતાના પર્યાયસ્વરૂપ કાર્યને સાધે છે. ૧૮૮૮. (શ્રી સ્વામીકાર્તિક, બાર અનુપ્રેક્ષા, ગાથા-૨૩૨)

વર્ષ–૧૫
અંક–૧૨




વિ. સંવત
૨૦૭૭
August
A.D. 2021



પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૧૦૮મી જન્મજયંતી
પ્રસંગે તેમની જ્ઞાનધારામાંથી વીણેલાં

# આત્માર્થપોષક વચનામૃત

## પરની રુચિ છૂટીને આત્માની રુચિ કેમ થાય?

પરની રુચિ તોડતાં–તોડતાં તેને પરસેવા ઊતરી જાય છે. ઉપલક રુચિ હોય કે આત્માનું જ કરવા જેવું છે, પણ એકત્વબુદ્ધિ તોડતાં–તોડતાં મુશ્કેલી પડી જાય છે. અનંતકાળનો અભ્યાસ છે એટલે પ્રયાસ કરી કરીને થાકી જાય છે–ખેદ થાય છે. કરવાનું તો આ જ છે પણ પુરુષાર્થની ખામીને લઈને તેના વિશ્વાસમાં ડોલમડોલ થઈ જાય છે. પોતે છે તો જુદો, પણ મોટાં રાંઢવાં (દોરડાં) જેવું એકપણું કરી મૂક્યું છે. પોતે અનંતકાળથી પરની સાથે એકત્વપણાના અભ્યાસમાં રહ્યો છે. હવે તે અનંતકાળની સામે ભેદજ્ઞાનનો અભ્યાસ કરતાં ઘૂંટવામાં અનંતકાળ લાગતો નથી. ધીમો ધીમો અભ્યાસ કરે તો થોડો કાળ જાય છે અને ઉગ્ર કરે તો છ મહિના લાગે છે. અંદર રુચિ ભલે આત્માની હોય, પણ એકત્વબુદ્ધિ તોડતાં તોડતાં તેને મુશ્કેલી પડે છે અને બહાર ચાલ્યો જાય છે.

પોતાના ને પરના લક્ષણને ઓળખીને, આ દ્રવ્ય-ગુણ-પર્યાય મારાં છે અને આ પુદ્‌ગલના છે, એમ બરાબર ભેદજ્ઞાન કરતાં પ્રજ્ઞાછીણી સાંધની સૂક્ષ્મ રગ જોઈને ચારેબાજુ ફરી વળે છે અને કોઈ જગ્યાએ સાંધ રહેતી નથી, સરખા બે ભાગ થઈ જાય છે. સૂક્ષ્મતાથી લઈએ તો, ગુણના ભેદ, પર્યાયના ભેદ કે કોઈ પણ જાતના રાગમિશ્રિત ભાવ જે જે ભાવ આવે તે બધાથી છૂટો પડી જાય છે. જ્ઞાનમાં બધું જાણે, પણ એકત્વબુદ્ધિ જ્યાં જ્યાં હોય ત્યાં બધેથી છૂટો પડી જાય છે. શુભભાવો કે જ્યાં

પોતાને બહુ રસ લાગે છે તેવા ભાવો, ગુણ-પર્યાયના ભેદો, વગેરે. જે જે સૂક્ષ્મ-સૂક્ષ્મ ભાવો આવતા હોય તે બધામાં ચારેબાજુ પ્રજ્ઞાછીણી ફરી વળે છે અને ચોખ્ખા બે ભાગ કરી નાંખે છે. આ ચૈતન્યનો ભાગ અને આ વિભાવનો ભાગ એમ બે ભાગ કરી નાંખે છે.

## અંદરમાં કામ કંઈ કેમ થતું નથી ?

અનાદિકાળનો અભ્યાસ છે તેથી વિભાવનું કાર્ય તેને સહેલું થઈ ગયું છે. અંતરમાં ગયો નથી. તેથી અંતરનું કાર્ય કરવું તે અઘરું લાગે છે. કરવાનું તો તેને પોતાને છે. પોતે જ છે, બીજો કોઈ કરી દેવાનો નથી. બહારના પદાર્થ છે, તેને પોતાના કરવા તે કાર્ય દુષ્કર છે. પરદ્રવ્ય કદી પોતાનું થતું નથી. અનાદિકાળથી જીવ તેને માટે મથામણ કરે છે, ફાંફાં મારે છે; પણ તેમાંથી કંઈ મળતું નથી.

અનાદિકાળથી બહારનો અભ્યાસ છે તેથી અઘરું લાગે છે; પણ ખરેખર અઘરું નથી. પોતાનો સ્વભાવ છે તેથી અંતરમાં જાય તો સહેલું છે. પરંતુ તેને પહેલાં અંતરમાં જવું જ મુશ્કેલ પડે છે. અંતરમાં જાય, સ્વભાવને ઓળખે, તો ચૈતન્ય પોતે જ છે અને તે જ્ઞાયક સહજ જ્ઞાનસ્વભાવથી ભરેલો છે. ક્યાંય બહાર લેવા જવું પડે તેમ નથી. જ્ઞાન સહજ, આનંદ સહજ, બધું સહજ છે. તેમાં તદ્રૂપ થાય, દૃષ્ટિ કરે, તદ્રૂપ પરિણમે તો પ્રગટ થાય છે. બહારથી પર પદાર્થને પોતાના કરવા માંગે છે તેથી પોતામાં જવું મુશ્કેલ થઈ પડ્યું છે. અંતરમાં ઊતરે, સ્વભાવ ઓળખે તો એકદમ સહેલું છે. અંતરમાં જાય તો માર્ગ સહજ છે. પ્રથમ ભૂમિકા વિકટ હોય છે; પછી અંતરમાં જાય, દૃષ્ટિ કરે, તદ્રૂપ પરિણમે પછી તો સરળતાથી તે માર્ગે ચાલ્યો જાય છે. પણ તે પુરુષાર્થ કરતો નથી.

## જ્ઞાતા-દ્રષ્ટા રહેવાનો પ્રયોગ શું ?

આત્મા અને તેનો સ્વભાવ જે નિવૃત્તસ્વરૂપ છે તેનો પોતાને રસ હોવો જોઈએ એમ થતાં આત્મા તે રૂપે પરિણમન કરે તો એવી નિવૃત્ત પરિણતિ થાય અને જ્ઞાયકનું બળ વધવાથી કર્તાપણું છૂટે. હું બસ ઉદાસીન જ્ઞાયક છું. હું કોઈનું કાંઈ કરી શકતો નથી. વિભાવમાં જોડાઈ જવાય છે, પણ હું જ્ઞાયક છું. આ વિભાવ મારો સ્વભાવ નથી, હું તો જાણનારો છું,—જ્ઞાતાપણે રહેનારો છું. આમ જ્ઞાયક સ્વભાવની જેને દૃઢતા હોય કે હું તો જ્ઞાયક જ છું અર્થાત્ જ્ઞાતાપણાનો જેને રસ હોય તે અને જેને ઉદાસીન રહેવાની રુચિ હોય,—ઉદાસીનતામાં રસ હોય, તે નિવૃત્તપણે રહી શકે. જીવને અનાદિનો કર્તાબુદ્ધિનો એટલો બધો રસ લાગ્યો છે કે હું કરું, આ મેં કર્યું એમ થાય

છે. તે રસની અંદર તેને જ્ઞાતા થઈને નિવૃત્ત રહેવું કે હું કાંઈ કરી શકતો નથી, તે મુશ્કેલ પડે છે. જ્ઞાયકનો જેને રસ હોય, મહિમા હોય તે અંદરની મહિમાથી નિર્ણય કરે—શ્રદ્ધા કરે તો નિવૃત્ત પરિણતિ પ્રગટ કરી શકે છે. વિકલ્પ વખતે પણ જ્ઞાયક રહેવાનો રસ હોય, તેવી જેને અંદરની જ્ઞાયકની નિવૃત્તદશા રુચતી હોય તે ઉદાસીન રહી શકે છે. જેને કર્તૃત્વબુદ્ધિ રુચતી હોય તે ઉદાસીન રહી ન શકે. તેણે વિચારથી તો નક્કી કર્યું હોય કે હું કર્તા નથી, જ્ઞાતા છું. પણ અંદરથી જ્ઞાયકની મહિમાનો રસ હોય તો તેને જ્ઞાયકની વારંવાર ભાવના અને જિજ્ઞાસા થાય, અને તો તેને તેવી પરિણતિ પ્રગટ થાય. કાંઈ કરવું નહિ એવી નિવૃત્ત દશા જેને ગમતી હોય, રુચતી હોય તે અંદર રહી શકે. પછી બહારનાં અમુક કાર્યોમાં તે જોડાય, પણ અંદરથી એકત્વબુદ્ધિ છૂટી જાય. આવી જાતની નિવૃત્તમય પરિણતિ જ તેને રુચે તો અંતરમાં પ્રવૃત્તિમાંથી રસ ઊડી જાય.

અશુભથી બચવા શુભભાવ આવે તે જુદી વાત છે, પણ અંતરમાંથી આત્માનો નિવૃત્તમય સ્વભાવ છે તેમાં આનંદ આવવો જોઈએ. સ્વભાવ પરિણતિમાં આનંદ આવે, અંદર રહેવામાં રસ આવે, કર્તા થવામાં રસ છૂટી જાય ને જાણનાર રહેવામાં રસ આવે કે હું તો જાણનાર-ઉદાસીન જ્ઞાયક છું. પર પદાર્થનું હું કાંઈ કરી શકતો નથી, તેના કોઈ ફેરફારો કરી શકતો નથી. તે જાણનાર હોવા છતાં અમુક રાગને લઈને કાર્યમાં જોડાય, તો પણ એની મર્યાદા હોય છે. પોતાને ભૂલીને પરમાં, વિભાવમાં જોડાઈ જાય એવું ન થાય. જ્ઞાયકતાની, ઉદાસીનતાની મર્યાદામાં જ રહે છે.

કર્તાબુદ્ધિમાં જીવને એટલું બધું પરની સાથે એકત્વ થઈ જાય છે કે પોતાનું જ્ઞાયકપણું ભૂલી જાય છે. તેથી તો આચાર્યદેવે આખો કર્તા-કર્મ અધિકાર જુદો લીધો છે તથા ગુરુદેવે પણ કર્તા-કર્મ અધિકારનો બહુ જ ખુલાસો કર્યો છે. કર્તાબુદ્ધિના રસમાં કાંઈ કરવું નહિ એવી જાતની શ્રદ્ધા કરવી મુશ્કેલ પડે છે, આમાં એકકોર બેસી જવું એમ નહિ પરંતુ અંદરથી શ્રદ્ધામાં પલટો ખાવાની વાત છે.

## આત્માને ઓળખવાનો અભ્યાસ કેવી રીતે કરવો ?

પોતે અંદરથી ખટક રાખીને વાંચન કરવાનો ટાઈમ ગોતી લેવો. કામ એવાં ન હોવાં જોઈએ કે પોતાને વિચાર-વાંચનમાં ડખલ થાય. એટલાં બધાં કામ ન હોય કે વાંચવાનો કે વિચારવાનો ટાઈમ ન મળે. જો તેવું હોય તો પોતે કામને ઓછાં કરીને નિવૃત્તિ મળે એવું કરવું જોઈએ. કેટલાંક કામ છોડવાં જોઈએ, પણ કેટલાં છૂટે તે

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## જીવનું સામર્થ્ય

(કળશ-ટીકા કળશ ૪૮ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

**અતીન્દ્રિય આનંદની મૂર્તિ સ્વરૂપ ભગવાન આત્માના અનુભવ માટે નિમિત્ત કે વ્યવહારરત્નત્રયના રાગના અવલંબનની બિલકુલ જરૂર નથી, કેમકે પોતાના શુદ્ધ સ્વરૂપને જીવ પોતે પોતાની મેળે અનુભવવા સમર્થ છે. ભગવાનની વાણીથી અનુભવ થાય કે ગુરુના ઉપદેશથી અનુભવ થાય એમ છે જ નહીં, પોતાની મેળે શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરવાના સામર્થ્ય વડે જીવદ્રવ્ય શોભાયમાન છે. પોતે પોતાની મેળે શુદ્ધ સ્વરૂપને અનુભવતો થકો સમસ્ત જગતના સાક્ષીભાવે શોભા પામે છે, માટે પરની કે રાગની અપેક્ષા વિના તારા શુદ્ધ સ્વરૂપને તું અનુભવ.**

અનુભવની વિધિનું વર્ણન કરતાં આચાર્યદેવ કહે છે કે જીવદ્રવ્ય પોતાની મેળે શુદ્ધસ્વરૂપનો અનુભવ કરવાને સમર્થ છે, રાગની મંદતા હતી કે ઘણાં વ્રત-તપ આદિ કર્યા તેથી આત્મજ્ઞાન થયું તેમ નથી. પોતાના સ્વરૂપનું જ્ઞાન ન હતું ત્યારે અજ્ઞાનપણે વિકારના ભાવને વેદવા—અનુભવવા સમર્થ હતો એવો જીવદ્રવ્ય પોતે પોતાની મેળે પોતાના શુદ્ધદ્રવ્યને અનુભવવા સમર્થ છે, પણ અજ્ઞાનીને નિજદ્રવ્યની કિંમત નથી.

અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે પણ તેના ભાન વિના દયા-દાન કે પુણ્ય-પાપના ભાવનું અજ્ઞાનપણે વેદન હતું, હવે ગુલાંટ-પલટો ખાય છે ત્યારે રાગથી ભિન્ન પોતાના શુદ્ધસ્વરૂપનું જ્ઞાન કરે છે અને શુદ્ધસ્વરૂપને અનુભવે છે. આત્માની સન્મુખ થઈને તેમાં વીતરાગી પર્યાયની એકાગ્રતા ને ભાવના વડે અતીન્દ્રિય આનંદને અનુભવવા સમર્થ છે.

દયા-દાન-વ્રત-ભક્તિનું પરિણમન તે રાગ છે, રાગનું વેદન છે તે કર્મચેતના છે, તેનો અનુભવ તે દુઃખરૂપ છે, ઝેરનો અનુભવ છે ને સંસારમાં રખડવાનું મૂળ છે, ભગવાન આત્મા શુદ્ધ અનંત શક્તિનો ભંડાર છે, અનંત અપરિમિત સ્વભાવથી ભરેલો,

**કહાં તુમ્હારી વીતરાગતા, કહાં સૌખ્યકારક ઉપદેશ !**
**હો ભી તો કૈસે બન સકતા, ઇન્દ્રિય–સુખ–વિરુદ્ધ આદેશ ?**
– શ્રી વિષાપહાર સ્તોત્ર

બેહદ શક્તિથી ભરેલો, આત્મા છે, તેને પોતાના અનુભવ વડે અનુભવવા સમર્થ છે.

ચૈતન્યરત્ન છે, ચૈતન્ય હીરલો છે, અનંત શક્તિરૂપ છે, એવો જે પોતાનો સ્વભાવ તેને પોતાની મેળે-દેવથી, ગુરુથી કે વાણીથી નહીં પણ પોતાની મેળે—પોતાને અનુભવવા સમર્થ છે. જેમાં વાણીની જરૂર નથી, જેમાં વ્યવહાર રત્નત્રયના રાગની પણ જરૂર નથી એવો જ તારો સ્વભાવ છે, એવો જ સ્વભાવનો મહિમા છે. પોતે પોતાના વડે જ્ઞાન ને આનંદરૂપ ત્રિકાળી સ્વરૂપને અનુભવવા સમર્થ થયો. કેવી રીતે ?—કે રાગથી ભિન્ન પાડીને.

શુદ્ધદ્રવ્યને રાગથી ભિન્ન પાડીને પોતાની મેળે અનુભવવા જીવદ્રવ્ય સમર્થ છે. ત્યારથી એટલે કે આત્માનું સમ્યગ્દર્શન થયું ત્યારથી સકલ જગતને જાણનશીલ થઈને શોભે છે. સ્વરૂપનો અનુભવ થતાં કોઈ પણ પરદ્રવ્ય મારું છે એમ માનવું કે કોઈનું કરવું એવું રહેતું નથી પણ બધાનો જાણનશીલ—જાણનાર થઈ જાય છે. સમસ્ત જગતનો સાક્ષી થઈ જાય છે. સર્વ જગતને જ્ઞેય તરીકે જાણનારો રહી જાય છે. પોતાના જ્ઞાતાસ્વરૂપનું જ્ઞાન થતાં સર્વ જગતનો પણ જાણનારો થયો. પોતાને જાણતા પોતાના સિવાય જે અનંત દ્રવ્યો છે તેનો જાણનાર થઈ ગયો, પણ પર મારા છે કે દયા-દાન આદિના ભાવ મારા છે એવું તેને રહ્યું નથી. પરને બચાવી શકું છું—એવી રક્ષકબુદ્ધિ રહેતી નથી કે શરીરની રચનાનો હું રચનારો છું—એવું રહ્યું નથી પણ સર્વ પરદ્રવ્યોને માત્ર જાણનારો થઈને રહે છે.

મારો સ્વભાવ જ એવો છે કે જ્યાં સ્વરૂપનું જ્ઞાન થયું ત્યાં પરસત્તાને પણ જાણનારો જ રહ્યો, પરસત્તાને કરવાવાળો ન રહ્યો, પહેલાં પણ પરસત્તાને કરતો ન હતો પણ કરવાવાળો માનતો હતો તે હવે સમ્યગ્દર્શન થતાં સ્વસત્તાને જાણતાં પરસત્તાને પણ જાણનારો થયો. પરને જાણવું એ પણ પોતાની પર્યાયનો સ્વભાવ છે, પરન્તુ પર છે માટે જાણવાપણું પ્રગટે છે તેમ નથી. સ્વપરપ્રકાશક સ્વભાવને લીધે સ્વને જાણતાં પરનું જાણવું પોતાની મેળે થાય છે, પર છે માટે જણાય છે તેમ નથી, જેમ છે તેમ જાણે એવો સ્વભાવ છે.

ભગવાન આત્મા પોતે રાગથી ભિન્ન થઈને પોતાને અનુભવવા સમર્થ થયો તેથી પોતાને જાણતાં સમસ્ત પરદ્રવ્યનો જાણનાર થઈને શોભી રહ્યો છે. પરદ્રવ્યની સત્તાનો જાણનશીલ છે, પરદ્રવ્યની સત્તા તેં કરી નથી, તેમાં ફેરફાર થાય તેનો કર્તા તું નથી પણ

**ઔર જગતકી પ્રિયતા ભી તબ, સંભવ કૈસે હો સકતી ?**
**અચરજ, યહ વિરુદ્ધ ગુણમાલા, તુમમેં કૈસે રહ સકતી ? ૧૮.**

જાણનાર તું છે. અવધિજ્ઞાન કે મનઃપર્યયજ્ઞાન પણ જેમ છે તેમ જાણે છે, કોઈને કરતું નથી. બીજાના સુખ-દુઃખને જાણવાના સ્વભાવવાળો છે, નિગોદના અનંત જીવોને પણ જાણવાના સ્વભાવવાળો છે પણ તેની દયા પાળવાના સ્વભાવવાળો નથી—એવું જ તેનું સ્વરૂપ છે.

ધર્મી જીવ જેમ પોતાના શુદ્ધ સ્વરૂપને જાણે તેમ જે પરની સત્તા છે તેને જાણે છે. દુઃખી જીવને જોઈને દુઃખમુક્ત કરવાનો વિકલ્પ આવે પણ ધર્મી તો એ વિકલ્પને પણ જાણે છે, કરતો નથી, વિકલ્પ ઊઠે પણ તેનો જાણનાર છે.

જ્યારે જીવને શુદ્ધ સ્વરૂપનો અનુભવ થાય છે ત્યારે સમસ્ત પરદ્રવ્યનો એટલે કે દ્રવ્યકર્મ, નોકર્મ અને દયા-દાન આદિના વિકલ્પરૂપ ભાવકર્મનો જાણનશીલ છે. ભાવકર્મ મટે તેને પણ જાણે છે, નિર્જરાને પણ જાણે, કેમકે તેનો સ્વભાવ જ્ઞાન-સ્વરૂપ છે—એમ સમ્યગ્દર્શનમાં આવ્યું ત્યારે પરદ્રવ્યનો ને પરભાવ—રાગાદિ થાય તેનો જાણનશીલ છે, થાય છે તેને કરતો નથી ને ટળે તેને ટાળતો નથી, એ તો માત્ર જાણનાર છે. ભોજન લે છે તેનો ખાનાર નથી પણ તેનો જાણનાર છે. સમસ્ત પરદ્રવ્ય પ્રત્યે ને દયા-દાન આદિના ભાવકર્મ પ્રત્યે ઉદાસીનપણે છે.

જીવદ્રવ્ય પોતે પોતાની મેળે, રાગ ને નિમિત્તની અપેક્ષા છોડીને, પોતાના શુદ્ધ સ્વરૂપનું વેદન કરે છે. જીવદ્રવ્ય જ્ઞાનાનંદ સ્વભાવથી કાયમ બિરાજમાન છે, તેને દયા-દાનાદિની અપેક્ષા વિના, પોતે પોતાની મેળે અનુભવે છે. શુદ્ધસ્વરૂપને જીવદ્રવ્ય પોતાની મેળે અનુભવે છે, શુદ્ધસ્વરૂપને અનુભવે છે પણ પુણ્ય-પાપના ભાવ તો અશુદ્ધ સ્વરૂપે છે તેથી તેને અનુભવતો નથી.

પોતાના આનંદસ્વભાવને પોતાની મેળે અનુભવવા સમર્થ થયો તેનું નામ સમ્યગ્દર્શન છે, તે ધર્મનું પ્રથમ સોપાન છે. અતીન્દ્રિય આનંદસ્વભાવને પર્યાયમાં અનુભવ કરવા સમર્થ થયો તેનું નામ જન્મ-જન્માન્તરનો અંત છે.

ત્યારથી એટલે કે આનંદના સ્વભાવને અનુભવવા સમર્થ થયો ત્યારથી સમસ્ત જગતનો સાક્ષી થઈ ગયો. તે ચીજ મારી છે એવી દૃષ્ટિ છૂટી ગઈ છે તેથી તેનો સાક્ષી થયો છે, પર મારું ને હું તેનો એ માનવું છૂટી ગયું છે ને સકળ પરદ્રવ્યનો જાણનશીલ થયો છે, અરે ! પરમાત્મા હોય તોપણ હું તો તેનો જાણનાર છું, અને સ્ત્રી-પુત્ર આદિ હોય તેનો પણ હું તો જાણનાર છું, તેઓ કોઈ મારાં નથી. મારું શું છે ?—કે જ્ઞાન ને આનંદસ્વરૂપ તે હું છું—તેમ પોતાની ચીજનો પોતાથી અનુભવ કરે છે અને પોતાની ચીજથી ભિન્ન ચીજનો જાણનાર રહે છે. (ક્રમશઃ) ❋




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૦, બુધવાર) (ગાથા ૩૯)

આ શુદ્ધભાવ—અધિકાર છે. આત્માનો ત્રિકાળી સ્વભાવ તે 'શુદ્ધભાવ' છે. તે ત્રિકાળી શુદ્ધભાવની શ્રદ્ધા કરવાથી પર્યાયમાં શુદ્ધભાવ પ્રગટે છે તે મોક્ષનું કારણ છે, તે જ ધર્મ છે. અહીં ત્રિકાળી શુદ્ધભાવનું વર્ણન ચાલે છે. શુદ્ધ જીવસ્વભાવમાં વિભાવસ્થાનો નથી તેમજ માન-અપમાનના હેતુરૂપ કર્મોદયસ્થાનો પણ નથી—એ જણાવ્યું; હવે હર્ષસ્થાનોનો અભાવ બતાવે છે. 'શુદ્ધ જીવતત્ત્વમાં શુભપરિણતિનો અભાવ હોવાથી શુભકર્મોનો અભાવ છે, શુભકર્મોનો અભાવ હોવાથી સાંસારિકસુખનો પણ અભાવ છે ને સાંસારિક-સુખનો અભાવ હોવાથી હર્ષસ્થાનો જીવને નથી.'

સંસારના સુખનું કારણ પુણ્ય છે. પુણ્યભાવ નિશ્ચયથી આત્મામાં થતો જ નથી; તેથી આત્મામાં સંસારસુખનો અભાવ છે. ત્રિકાળી આત્મતત્ત્વની એકાગ્રતાથી ખસીને બહારમાં વલણ જાય ત્યારે શુભભાવ થાય, ને તેના ફળમાં બહારનો અનુકૂળ સંયોગ મળે, તેના લક્ષે હર્ષભાવ થાય. પણ શુભભાવ જ આત્માના સ્વરૂપની બહાર છે. ક્ષણિક વિકારભાવ જેટલો ત્રિકાળી સ્વભાવ નથી એ અપેક્ષાએ કહ્યું કે આત્મામાં શુભભાવ જ નથી. તેથી આત્મામાં સાંસારિકસુખ નથી. ને સાંસારિકસુખ નહિ હોવાથી હર્ષભાવ આત્મામાં નથી. આત્માનું સહજસુખ હર્ષથી રહિત છે. હર્ષ તો સાંસારિકસુખના લક્ષે થાય છે, સાંસારિકસુખ પુણ્યથી મળે છે, પુણ્ય શુભપરિણતિથી બંધાય છે, શુભપરિણતિ તો ક્ષણિક અવસ્થા છે, તે ક્ષણિક અવસ્થા ત્રિકાળી સ્વરૂપમાં નથી. માટે આત્મામાં હર્ષભાવ નથી. આવા આત્મસ્વરૂપની શ્રદ્ધા તે જ સાચી શ્રદ્ધા છે.

સંસારના અસાર સુખ ભગવાન આત્મામાં નથી. સંસારસુખ તે ખરેખર તો દુ:ખ છે. એ સંસારસુખનું કારણ પુણ્ય છે. પુણ્યનું કારણ શુભભાવ છે, ને શુભભાવનું ઉત્પત્તિસ્થાન ભગવાન આત્મસ્વભાવમાં નથી. સંસારના સગા એ તો બધા શત્રુસમાન છે કેમ કે તે તો જીવને મોહનાં નિમિત્તો છે. 'આ મારાં અને હું એનો' એવો મોહભાવ કરી કરીને જીવ તેનાથી ભિન્ન પોતાનું સ્વરૂપ જાણતો નથી. અનંતકાળે દુર્લભ એવું મનુષ્યપણું

**તુમ સમાન અતિ તુંગ કિન્તુ નિધનોંસે, જો મિલતા સ્વયમેવ,**
**ધનદ આદિ ધનિકોંસે વહ ફલ, કભી નહીં મિલ સકતા દેવ;**

મળ્યું અને જો અત્યારે પરથી ને પુણ્યથી જુદા પોતાના ત્રિકાળી ચૈતન્યતત્ત્વનું ભાન ન કર્યું તો તેનું જીવન અણશીયા–કીડા જેવું છે. જેણે જીવનમાં પરથી જુદા સ્વરૂપને જાણ્યું નથી તે જીવ મૃત્યુ સમયે પરમાં એકમેકપણાની મિથ્યામાન્યતામાં ભીંસાઈ જાય છે. હું સદાય એકરૂપ ચૈતન્યસ્વરૂપથી પરિપૂર્ણ છું, પરથી જુદો છું અને ક્ષણિક પુણ્ય-પાપથી પણ મારું સ્વરૂપ જુદું છે—આવા શ્રદ્ધા-જ્ઞાનના જોરે ધર્માત્મા જીવો આત્માના સ્વભાવની શાંતિના અનુભવમાં ઝૂલે છે ને તેમને સમાધિમરણ હોય છે; દેહની પ્રીતિ તેમને નથી ને શુભભાવની પણ પ્રીતિ નથી, રાગના ફળમાં ઈંદ્રાદિ પદ મળે તેની યે પ્રીતિ નથી. તેઓ પોતાના પારિણામિકસ્વભાવને જ ઉપાદેય માને છે. આવા સ્વભાવની સમજણ વગર ધર્મ થતો નથી.

જીવનું મૂળ સ્વરૂપ શું છે કે જેને માનવાથી સુખ થાય ને દુઃખ ટળે? તેનું આ અધિકારમાં વર્ણન છે. જીવનું સાચું સ્વરૂપ જાણ્યા વગર ખોટું સ્વરૂપ (અશુદ્ધતા) નાશ થાય નહિ. જો શુદ્ધ જીવસ્વરૂપને જાણે તો પર્યાયમાં શુદ્ધતા પ્રગટે ને અશુદ્ધતા ટળે, અર્થાત્ જો શુદ્ધાત્મસ્વરૂપને ઓળખે તો ધર્મ થાય ને અધર્મ ટળે. આત્માને વિકારસ્વરૂપે શ્રદ્ધવો તે અધર્મ છે ને વિકારરહિત ત્રિકાળ શુદ્ધસ્વરૂપે શ્રદ્ધવો તે ધર્મ છે. શુદ્ધસ્વરૂપ તે હું ને વિકાર હું નહિ—એમ માન્યા વગર વિકારને ટાળી શકાય નહિ. જીવ અનાદિથી વિકારસ્વરૂપે તો પોતાને માનતો આવે છે તેથી જ અજ્ઞાન છે; એ અજ્ઞાન છોડાવવા આચાર્યદેવ અહીં વિકારરહિત ત્રિકાળ આત્મદ્રવ્ય સમજાવે છે, એની શ્રદ્ધાથી જ સમ્યગ્દર્શન થાય છે.

જેમ શરીરના અલ્પભાગમાં ગૂમડું થયું હોય, તે ગૂમડું આખા શરીરમાં નથી,—એમ જો સમજે તો રોગ ટાળીને નિરોગ થવાનો ભાવ કરે છે. તેમ જીવની ક્ષણિક અવસ્થામાં હર્ષાદિ વિકારભાવો છે તે આખા જીવમાં નથી. (દ્રષ્ટાંતમાં ક્ષેત્રથી વાત છે, સિદ્ધાંતમાં ભાવથી વાત છે.) તે વિકારના નાશથી જીવનો નાશ થઈ જતો નથી, અને અત્યારે પણ ક્ષણિક વિકારમય આખું દ્રવ્ય થઈ ગયું નથી.—આમ જો સમજે તો તે દ્રવ્યના આધારે વિકાર પર્યાય ટાળે ને નિર્વિકાર દશા પ્રગટ કરે. પણ જો ક્ષણિક વિકારને જ આત્મસ્વરૂપ માની લે તો તે વિકારનો નાશ કરી શકે નહિ.

પોતાના મોઢા ઉપર એક તલ જેટલો કાળો કે ધોળો ડાઘ પડ્યો હોય, અને અરિસામાં તેનું પ્રતિબિંબ દેખાય ત્યાં, 'આ ડાઘ મારા મોઢા ઉપર નથી પણ અરિસામાં

જલવિહીન ઊંચે ગિરિવરસે, નાના નદિયાં બહતી હૈં,
કિન્તુ વિપુલ જલયુક્ત જલધિસે, નહીં નિકલતીં ઝરતી હૈં. ૧૯.

છે' એમ માનીને કોઈ અરિસાને ઘસવા માંડે તો તેનો ડાઘ ટળે નહિ. બીજો કોઈ એમ માને કે આ ડાઘ મારા શરીરનું મૂળ સ્વરૂપ છે,–તો તે પણ તે ડાઘ કાઢવાનો પ્રયત્ન કરે નહિ. પણ, પોતાના મોઢા ઉપર જ ડાઘ છે અને તે મોઢાનું મૂળ સ્વરૂપ નથી–એમ જે જાણે તે જ તે ડાઘને કાઢે. તેમ ચૈતન્યપિંડ આત્મા છે, તેની અવસ્થામાં પુણ્ય કે પાપરૂપ ડાઘ છે–વિકાર છે. હવે જો શરીર-મન-વાણી કે કર્મના કારણે તે વિકાર માને તો તે પર સામે જ જોયા કરે, પણ પોતાની સામે જુએ નહિ ને તેનો વિકાર ટળે નહિ. અને તે વિકારને આત્માનું મૂળ સ્વરૂપ જ માને તોપણ તે વિકારને ટાળવાનો પ્રયત્ન કરે નહિ. 'મારી અવસ્થામાં વિકાર થાય છે પણ હું પોતે વિકારી થઈ ગયો નથી, મારો આત્મા સિદ્ધભગવાન જેવો વિકાર રહિત છે, આખા દ્રવ્યને જોતાં મારામાં વિકારનો અભાવ છે'—આમ જો સમજે તો સ્વભાવના આધારે રહીને વિકારને ટાળે. જે જીવ પોતાની વિકારી અવસ્થાને માનતો જ નથી અથવા તો કર્મ વિકાર કરાવે છે એમ માને છે તે એકાંતવાદી મહામૂઢ છે અને જે જીવ પોતાની વિકારી અવસ્થાને આત્મસ્વભાવ માને છે તે જીવ પણ પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. જે ક્ષણિક પર્યાયમાં થતા વિકારને જાણે છે પણ તે વિકાર જેટલું પોતાનું સ્વરૂપ નથી માનતા, ત્રિકાળી શુદ્ધદ્રવ્યની પ્રતીતિ કરીને તેને જ ઉપાદેય માને છે તે જીવ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૨૦ થી ચાલુ) (છઢાળા પ્રવચન)

જ તેને ખાઈ જાય. જુઓ ક્રૂરતા! આવા ક્રૂર પરિણામ જીવે ઘણીવાર સેવ્યા. અરે, આવા હિંસક અવતાર કરી કરીને જીવ મહા દુઃખી થયો, પોતે બળવાન થયો ત્યારે બીજા નિર્બળ પશુને મારી ખાધા; ને ક્યારેક પોતે નિર્બળ થયો ત્યારે પોતાથી બળવાન બીજા પશુઓ વડે ખવાયો—એ વાત હવેની ગાથામાં કરશે.

સંસારમાં જીવોને જીવન–મરણ તો પોતાના આયુ અનુસાર થાય છે, કોઈ બીજો તેને મારી કે જીવાડી શકતો નથી; પણ અહીં તો જીવના પરિણામની વાત છે. સંસારમાં કેવા કેવા પરિણામ કરીને જીવ દુઃખી થઈ રહ્યો છે–તે બતાવવું છે. તારા કેવા પરિણામથી તું દુઃખી થયો એમ જાણીને તેનું સેવન છોડ. પાપ અને પાપનું ફળ બતાવીને તેનાથી વિરક્તિ કરાવે છે. પોતાના સ્વરૂપને ભૂલ્યો તેથી આ પરિભ્રમણ છે, તે ટાળવા માટે લાખ ઉદ્યમ કરીને સમ્યક્ત્વ પ્રગટ કર,—એમ શ્રીગુરુ કરુણાપૂર્વક ઉપદેશ આપે છે. (ક્રમશઃ) ❊

**કરો જગત–જન જિનસેવા, યહ સમઝાનેકા સુરપતિ ને,**
**દંડ વિનયસે લિયા, ઇસલિએ પ્રાતિહાર્ય પાયા ઉસને;**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, દ્રવ્યને ગુણ-પર્યાયસ્વભાવપણું દર્શાવે છે :—

**जो अत्थो पडिसमयं उप्पादव्वयध्रुवत्तसब्भावो ।**
**गुणपज्जयपरिणामो सो संतो भण्णदे समये ।।२३७।।**

અર્થ :—અર્થ એટલે વસ્તુ છે; તે સમયે સમયે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યપણાના સ્વભાવરૂપ છે; અને તેને ગુણ-પર્યાયપરિણામસ્વરૂપ સત્ત્વ સિદ્ધાંતમાં કહ્યું છે.

જ્યારે આત્માના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યમાં કર્મ છે જ નહીં તો કર્મ આત્માનું શું કરી શકશે? આત્માના વિકારમાં કર્મ નિમિત્ત છે પરંતુ કર્મ આત્મામાં પ્રવેશીને વિકારરૂપ પરિણમિત નથી કરાવતું. 'કર્મે મને વિકાર કરાવ્યો'—આ કથનશૈલી તો માત્ર નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. વાસ્તવમાં નિમિત્તનો આત્મામાં અત્યંત અભાવ છે અને શુદ્ધસ્વભાવમાં તો ક્ષણિક વિકારનો પણ અભાવ છે—આવા સ્વભાવની દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

જીવદ્રવ્યનો ચેતનાગુણ છે અને તેનું સ્વભાવ તથા વિભાવરૂપ પરિણમન, તે પર્યાય છે. તે સ્વભાવ અથવા વિભાવ પરિણામ કોઈ નિમિત્તના કારણે નથી થતા. કર્મનો ઉદય, ઉપશમ આદિના કારણે જીવના પરિણામ થયા—એમ નથી. જીવના પરિણામ, જીવના કારણે જ થાય છે—એવું ભાન ધર્મીને શુભ-અશુભપરિણામના સમયે પણ સ્વભાવની દૃષ્ટિ કદાપિ ચૂકતી નથી અને રાગની, વ્યવહારની મુખ્યતા ક્યારેય થતી નથી.

જીવનો ચેતનાગુણ છે, તે ચેતનાગુણમાં વિભાવ થતો નથી. તેમાં ઓછાવત્તાપણું થાય છે પણ વિભાવ થતો નથી. ચેતનાની સાથે અન્ય આનંદ, શ્રદ્ધા આદિ અનંત ગુણ છે. તેમાં વિભાવરૂપ પરિણમન થાય છે—આ અપેક્ષાએ અહીં ચેતનામાં સ્વભાવરૂપ અને વિભાવરૂપ પરિણમન કહ્યું છે. ચેતના તો ઉપયોગરૂપ છે પરંતુ તેની સાથે જે શ્રદ્ધા-આનંદ આદિ ગુણો છે તે ગુણોમાં સ્વભાવ અને વિભાવરૂપ પરિણમન થાય છે, તે પોતાના કારણે જ થાય છે.

આત્મામાં કર્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન-અધિકરણ—એવા છ કારકરૂપ

**કિન્તુ તુમ્હારે પ્રાતિહાર્ય વસુ-વિધિ હૈં સો આએ કૈસે ?**
**હે જિનેંદ્ર; યદિ કર્મયોગસે, તો વે કર્મ હુએ કૈસે ? ૨૦.**

થઈને પરિણમન થવાનો સ્વભાવ છે, પરના કારણે જીવમાં કાંઈ થતું નથી. અજ્ઞાની રાડ પાડે છે કે નિદ્ધત અને નિકાચિત કર્મબંધ થયો હોય તો શું થઈ શકે છે? પરંતુ અરે ભાઈ! તારા સ્વભાવની સન્મુખ થઈને પુરુષાર્થ કરવામાં કર્મ તને રોકતું જ નથી. તું સ્વભાવનો પુરુષાર્થ કરે તો કર્મ આપોઆપ નાશ પામી જાય છે.

શ્રી ધવલા ગ્રંથમાં આવે છે કે—

दर्शनेन जिनेन्द्राणां पापसंघातकुंजरम्।
शतधा भेदमायाति गिरिर्विज्रहतो यथा॥

અર્થાત્ જિનેન્દ્રદેવના દર્શન કરવાથી પાપસંઘાતરૂપી હાથીના સો ટુકડા થઈ જાય છે; જેમ વજ્રના પ્રહારથી પર્વતના સો ટુકડા થઈ જાય છે. (ભાગ-૬, પૃષ્ઠ ૪૨૮)

નિશ્ચયથી પોતાનો સ્વભાવ ચૈતન્યબિંબ છે, તેના ભાનપૂર્વક વીતરાગી જિનબિમ્બના દર્શનથી નિદ્ધત અને નિકાચિત કર્મના સો ટુકડા થઈ જાય છે.

એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યની પર્યાયને કદાપિ સ્પર્શતી નથી. કર્મનો ઉદય આત્માનો સ્પર્શ કરતો નથી તો કર્મ આત્માનું શું કરશે? માટે દરેક પદાર્થના ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતપોતાના કારણે થાય છે. સમકિતીને રાગ થાય છે તે ચારિત્રમોહકર્મના ઉદયના કારણે નથી પણ પોતાની પર્યાયના કારણે છે. ચારિત્રમોહનો ઉદય તો નિમિત્ત છે, તેમાં આત્માનો અભાવ છે.

ઉપાદાનનું કથન એક જ પ્રકારે છે કે જેવી યોગ્યતા હોય તે અનુસાર કાર્ય થાય છે. નિમિત્તના કથનમાં અનેક પ્રકાર છે, માટે કહ્યું છે કે—

ઉપાદાન વિધિ નિર્વચન, હૈ નિમિત્ત ઉપદેશ.

નિરપેક્ષ આત્મસ્વભાવના ભાન વિના નિમિત્તનું યથાર્થ જ્ઞાન થતું નથી. ઉપાદાનની સ્વતંત્રતાના જ્ઞાન વગર, નિમિત્તનું જ્ઞાન થતું નથી. નિશ્ચય વિના, વ્યવહારનું જ્ઞાન થતું નથી. આત્મસ્વભાવ સ્વ-પરપ્રકાશક છે, તેમાં સ્વના જ્ઞાન વિના પરનું જ્ઞાન થતું નથી. ઉપાદાનની સ્વતંત્રતાના જ્ઞાન વિના, નિમિત્તનું જ્ઞાન થતું નથી. નિશ્ચયના વિના, વ્યવહારનું જ્ઞાન થતું નથી. જેમ, ત્રિકાળી દ્રવ્ય સ્વતંત્ર નિરપેક્ષ છે; તે પ્રમાણે તેની દરેક સમયની પર્યાય પણ નિરપેક્ષ-સ્વતંત્ર છે. દરેક સમયે થવાવાળી પર્યાય પોતાના જ કારણે થાય છે તો કોણ કોને સમજાવે કે કોણ કોને રોકે? ભાષા પણ ભાષાના કારણે પરિણમન થાય છે અને સામેવાળો જીવ તેની યોગ્યતાનુસાર સમજે છે. જેણે પોતાનું

**ધનિકોંકો તો સભી નિધન, લખતે હૈં ભલા સમઝતે હૈં,**
**પર નિધનોંકો તુમ સિવાય જિન, કોઈ ભલા ન કહતે હૈં;**

કલ્યાણ કરવું હોય, તે જીવ, નિજ આત્મસ્વભાવની આવી ભાવના કરે છે.

અરે જીવ! જૈનદર્શનમાં તારે તારા આત્માનું કલ્યાણ કરવું છે કે સંપ્રદાય ચલાવવો છે ? શાસ્ત્રની પંડિતાઈથી અથવા સંપ્રદાયની દૃષ્ટિથી કલ્યાણ થતું નથી. ભાઈ ! આ તો વસ્તુના સ્વભાવની વાત છે. વસ્તુનો સ્વભાવ સમજીને સ્વ-સન્મુખ થવાથી જ કલ્યાણ થાય છે. વસ્તુસ્વભાવની સમજ વિના, અજ્ઞાની લોકો બાહ્યથી ધર્મ માને છે. અહીં તો કહે છે કે વસ્તુમાં સ્વભાવરૂપ અથવા વિભાવરૂપ પરિણમન પોત-પોતાના કારણે જ થાય છે.

આ પ્રમાણે પુદ્ગલ પણ પોતાના સ્વભાવ-વિભાવરૂપ પરિણમે છે. આંગળીનું હાલવું-ચાલવું તે પુદ્ગલના કારણે છે; જીવના કારણે નથી. આંગળીના દરેક પરમાણુ સ્વતંત્ર, પોતાથી જ પરિણમિત થાય છે. ગાડીનું ચાલવું, સ્થિર થવું—આ બધું તેના કારણે થાય છે. પેટ્રોલ હોય કે ન હોય તેને કારણે ગાડીનું ચાલવું કે ઊભા રહેવાની સ્થિતિ નથી. હકીકતમાં દરેક પુદ્ગલ પોતાના વર્તમાનમાં જ વર્તે છે.

કુંદકુંદાચાર્ય અથવા પૂજ્યપાદસ્વામી આદિ બધા આચાર્યોનો એક જ મત છે પણ લોકોને સંધિ મેળવતા આવડતી નથી; માટે તેમના કથનોમાં પરસ્પર વિરોધ ભાસે છે, આ અપેક્ષાજ્ઞાનના અભાવને દર્શાવે છે.

દરેક વસ્તુ, ગુણ-પર્યાયસ્વરૂપ છે, તે પોતાના સ્વભાવથી જ દરેક સમયે પર્યાયરૂપ પરિણમિત થાય છે. લોકમાં જીવ અને પુદ્ગલ આદિ દરેક પદાર્થ પ્રતિસમય પરિણમિત થાય છે. તેના દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતાનો સમ્યગ્દૃષ્ટિ જીવ વિચાર કરે છે. પુદ્ગલ સ્કંધમાં વિભાવરૂપ પરિણામ થાય છે, તે પોતાના પરિણામની યોગ્યતાથી થાય છે. ત્યાં પણ દરેક પરમાણુને પરસ્પર પર્યાયમાં અન્યોન્યાભાવ છે તથા બે ગુણ અધિક પરમાણુ, બંધનું કારણ થાય છે. ત્યાં પણ પ્રત્યેક પરમાણુની યોગ્યતાથી સ્વતંત્ર બંધપર્યાય થાય છે. એક પરમાણુ બીજા પરમાણુનો સ્પર્શ કરતો નથી કારણ કે સ્વચતુષ્ટયમાં પરચતુષ્ટયનો અભાવ છે. (ક્રમશઃ) ❊

(અનુસંધાન પેજ નં. ૫ થી ચાલુ)

પોતાની શક્તિ પ્રમાણે છે. પોતાને નિવૃત્તિ મળે, વાંચન-વિચારનો ટાઈમ મળે એવી જાતનાં મર્યાદિત કામ હોય. પણ પોતાને નિવૃત્તિ માટે ટાઈમ જ ન મળે અને બોજો વધી જાય તેવું ન હોય. કામ છોડવાં કે ન છોડવાં તે તો પોતાની રુચિ ઉપર છે, બાકી ગૃહસ્થાશ્રમમાં પોતાને વાંચન-વિચારનો ટાઈમ મળે એટલું તો હોવું જોઈએ.

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૫, ગાથા - ૧૭)

હવે છેલ્લો પ્રશ્ન શિષ્ય કરે છે કે પ્રભુ! આપ કહો છો કે તત્ત્વજ્ઞાની ભોગ ભોગવતો નથી, મિથ્યાદૃષ્ટિ જ ભોગ ભોગવે છે પણ અમે તો શાસ્ત્રમાં વાંચ્યું છે કે ત્રણ જ્ઞાનના ધારી તીર્થંકર પણ ૯૬૦૦૦ સ્ત્રીનો ભોગ ભોગવતા હતા, ક્ષાયિક સમકિતી શ્રેણિક રાજા પણ હજારો રાણીઓના ભોગમાં પડ્યા હતા આમ અમે વાંચ્યું છે. તો જ્ઞાની ભોગ ન ભોગવે એવો તમારો ઉપદેશ અમારે કેવી રીતે માનવો ? તેને જ્ઞાની ઉત્તર આપે છે કે ભાઈ ! તું ધીરો થઈને સાંભળ ! તું કહે છે કે શાસ્ત્રમાં આમ લખાણ છે તે વાત સાચી છે. તીર્થંકર ચક્રવર્તી આદિ જ્ઞાની પણ ભોગ ભોગવે છે પણ એ સુખબુદ્ધિથી નથી ભોગવતા, એમને ભોગ ઝેર જેવા લાગે છે. સુખબુદ્ધિ તો જ્ઞાનીને આત્મામાં હોય છે, ભોગમાં નહિ. અને તને તો વિષય ભોગવવામાં સુખ લાગે છે. સુખબુદ્ધિથી તું ભોગ ભોગવે છે, તે છોડાવવા માટે અમે આ ઉપદેશ આપીએ છીએ.

## જ્ઞાની રુચિપૂર્વક ભોગ ભોગવતા જ નથી

આ ઈષ્ટોપદેશમાં ૧૭મી ગાથા ચાલે છે. આચાર્યદેવ કહે છે કે મહાક્લેશજનક, અતૃપ્તિકારક અને આસક્તિને લીધે છોડવા મુશ્કેલ છે એવા ભોગો, બુદ્ધિમાન મનુષ્ય એટલે કે જ્ઞાની ભોગવતા નથી. તે વિષય અહીં ચાલે છે.

ધર્મી તેને કહેવાય કે જેને આત્મામાં પોતાના અતીન્દ્રિય આનંદનું વેદન થયું છે, અનુભવ થયો છે. પૂર્વે અનંતકાળથી પુણ્ય-પાપના ભાવમાં અને તેના ફળમાં રુચિ હતી તેથી મિથ્યાદ્રષ્ટિપણે રુચિપૂર્વક ભોગો ભોગવ્યા. પણ હવે પોતાના આત્માની ઓળખાણ થતા, શ્રદ્ધા થતાં, અતીન્દ્રિય આનંદનો સ્વાદ ચાખ્યો એટલે હવે તે વિષય ભોગો ભોગવતો નથી—એમ અહીં કહ્યું. ત્યારે શિષ્યને પ્રશ્ન થયો કે મહારાજ ! તમે કહો છો કે તત્ત્વજ્ઞાની ભોગો ભોગવતા નથી. પણ અમે એવું સાંભળ્યું છે અને શાસ્ત્રમાં એવું વાચ્યું પણ છે કે તત્ત્વજ્ઞાની પણ સ્ત્રી, પુત્ર, પરિવાર સહિત હોય છે અને ભોગો ભોગવે છે. ચક્રવર્તી, તીર્થંકરો, રાજા-મહારાજા કે જે સમ્યગ્દષ્ટિ હોય છતાં ભોગો ભોગવે છે એમ અમે સાંભળ્યું છે. શાસ્ત્રમાં પણ આ વાત પ્રસિદ્ધ છે તો પછી 'તત્ત્વજ્ઞાની-ધર્માત્મા ભોગોને ન ભોગવે' એવા આપના ઉપદેશની અમને શી રીતે સમજણ થાય ?

**જૈસે અંધકારવાસી ઉજિયાલેવાલેકો દેખે,**
**વૈસે ઉજિયાલાવાલા નર, નહિં, તમવાસીકો દેખે. ૨૧.**

ત્યારે આચાર્યદેવ સમજાવે છે કે અમે 'કામમ્' શબ્દ મૂક્યો છે એટલે કે ભોગોને જ્ઞાની રુચિપૂર્વક કેમ સેવે ? ન જ સેવે. જેને આત્માના અતીન્દ્રિય આનંદનું ભાન નથી તે તો સંસારના ભોગોને રુચિપૂર્વક, હોંશપૂર્વક, ઉલ્લાસપૂર્વક, એકત્વબુદ્ધિએ ભોગવે છે—આસક્તિથી ભોગવે છે, પણ ધર્મીને સ્ત્રી, કુટુંબ આદિ બધું હોય, સંસારના ભોગો પણ ભોગવે, છતાં તેને તેમાં રુચિ નથી, પ્રીતિ નથી. પ્રીતિ તો એકમાત્ર આત્માના આનંદની જ છે. પણ અસ્થિરતાવશ થોડો રાગ આવે છે, તેથી ભોગ ભોગવતા દેખાય છે, પણ અંતરરુચિ નથી.

જ્ઞાની ચારિત્રમોહના ઉદયથી રાગની આસક્તિ છોડવા અસમર્થ છે, તેથી તત્ત્વજ્ઞાની ભોગો છોડવા યોગ્ય છે તેમ સમજવા છતાં સેવન કરે છે. રામચંદ્રજી જેવા મહાપુરુષો, ભરત જેવા ચક્રવર્તીઓ જ્ઞાની હતા તેથી અતીન્દ્રિય આનંદ પાસે ભોગો ભોગવવા યોગ્ય નથી, અત્યંત તુચ્છ છે તેમ સમજતા હતા છતાં નબળાઈના કારણે અસ્થિરતાવશ હજારો રાણીઓના ભોગો ભોગવે છે પણ તેમાં એમને પ્રીતિ નથી, રુચિ નથી.

જેમ બિલાડી તેના બચ્ચાને મોઢામાં પકડે અને ઊંદરને પણ પકડે. પણ બેમાં પકડ-પકડમાં ફેર મોટો છે. ઊંદરને ભીંસ દઈને પકડે અને પોતાના બચ્ચાને પોચું-પોચું, ન વાગે તેમ પકડે છે. બહારથી જોઈએ તો બંનેને એક સરખા પકડેલાં દેખાય. તેમ જ્ઞાની અને અજ્ઞાની બંને સમાન રીતે ભોગ-ભોગવતા દેખાય પણ અજ્ઞાની હું સત્ ચિદાનંદ જ્યોત આનંદસ્વરૂપ છું એવા ભાન વગર, બિલાડી જેમ પોતાના બચ્ચાને પ્રેમપૂર્વક પકડે છે તેમ અજ્ઞાની વિષયના ભોગવટામાં લીન થઈ જાય છે અને જ્ઞાની વિષય ભોગવે છતાં તેમાં લીન થતાં નથી. જેમ બિલાડી ઊંદરને પ્રેમથી પંપાળીને મોઢામાં પકડતી નથી તેમ જ્ઞાની પ્રેમથી ભોગો ભોગવતા નથી, ભોગોને જ્ઞાની ઉપસર્ગ માને છે પણ પુરુષાર્થ ઓછો હોવાથી ભોગવવાનું છોડી શકતા નથી. છતાં સમજે છે કે આ ભોગો વિષ જેવા છે, ત્યાગવા યોગ્ય છે.

જ્ઞાનીને ભોગમાં આસક્તિ હોય પણ રુચિ ન હોય. વિષયમાં સુખ છે એમ માનીને ભોગ ભોગવવા તે રુચિ છે અને વિષયમાં સુખ નથી પણ નબળાઈથી છોડી શકતા નથી તેથી થોડી આસક્તિ થાય છે તે ચારિત્રનો દોષ છે. જ્ઞાનીએ આસક્તિ ઘટાડી છે. તેમનો મોહ પણ મંદ પડી ગયો છે, તે તો જ્ઞાન-વૈરાગ્યની ભાવનાથી ઇન્દ્રિયોને

**નિજ શરીરકી વૃદ્ધિ શ્વાસ–ઉચ્છ્વાસ ઔર પલકેં ઝપના,**
**યે પ્રત્યક્ષ ચિહ્ન હૈ જિસ મેં, ઐસા ભી અનુભવ અપના;**

રોકીને-જીતીને શીઘ્ર પોતાનું કાર્ય કરવા સ્વરૂપમાં ઠરવા કટિબદ્ધ થયા છે.

જ્ઞાની છ ખંડના ચક્રવર્તી રાજા હોય, હીરાના સિંહાસન ઉપર બેઠા હોય, અબજો રૂપિયાના મુગટ પહેર્યા હોય, ૯૬૦૦૦ રાણીની સાથે ભોગ લેતા હોય છતાં તેમાં તેને રુચિ નથી, પ્રેમ નથી. આત્માના આનંદ સિવાય ક્યાંય એને ગોઠતું નથી. પણ માથે ઉપસર્ગ પડ્યો હોય એમ ભોગ ભોગવે છે. અરે ! મારી પુરુષાર્થની નબળાઈ છે, મારી આસક્તિ છે તે મારો દોષ છે એમ તેમને અંતરમાં ખટક થાય છે. પણ એ ચારિત્રનો દોષ છે, શ્રદ્ધાનો દોષ નથી. પુણ્ય-પાપના ભાવ સુખરૂપ લાગે તે દૃષ્ટિનો દોષ છે, મિથ્યાદૃષ્ટિ છે, ઊંધી દૃષ્ટિ છે.

આહાહા ! મુનિપણું એટલે તો હાલતા ચાલતા સિદ્ધ ! એ તો સર્વ વિષયો છોડી પોતાનું કાર્ય કરવા કટિબદ્ધ થઈ ગયા છે. પણ જે હજી ગૃહસ્થાશ્રમમાં છે, પુરુષાર્થ ઓછો છે તે આસક્તિથી ભોગો ભોગવે છે પણ રુચિ નથી. પાલીસ કરેલા લાકડાંથી મડદાને બાળીએ પણ એ લાકડાં જેમ મડદાંને સુખ ઉપજાવતાં નથી તેમ જ્ઞાનીને અનુકૂળ સંયોગો સુખ ઉપજાવતા નથી. તેમજ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને નિર્ધનપણું, વાંઝિયાપણું, વાંઢાપણું એવા ગમે તેવા પ્રતિકૂળ સંયોગો હોય તોપણ જેમ મડદાને ખરાબ લાકડાથી બાળવા છતાં દુઃખ ન થાય તેમ જ્ઞાનીને દુઃખ થતું નથી. રોટલો ને છાશ મળવા પણ મુશ્કેલ હોય તોપણ જ્ઞાનીને અંતરથી દુઃખ થતું નથી. અંતરનો ધર્મ પ્રગટ થયો છે તેના ફળમાં જ્ઞાનીને સર્વ અવસ્થામાં શાંતિ જ છે, અમે તો આત્મા છીએ, અમારામાં આનંદ છે, અમારે બહારની ચીજોની જરૂર નથી.

માટે અહીં કહે છે કે હે શિષ્ય ! તને જ્ઞાની ભોગ ભોગવતા દેખાય છે પણ તેમાં એને રુચિ નથી એ તને દેખાતું નથી અને અજ્ઞાની ભોગોનો ત્યાગી દેખાય પણ પુણ્ય પરિણામમાં તેને પ્રેમ છે એ તને દેખાતું નથી. જ્ઞાની-અજ્ઞાની, બંને ભોગ ભોગવવા છતાં તેની પાછળ અભિપ્રાયમાં ઉગમણો-આથમણો ફેર છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૩૩ થી ચાલુ) (બાળકો માટેના પ્રશ્નો)

(૧૮) સ્વયંભૂસ્તોત્રની રચના ............ આચાર્યદેવે કરેલ છે.(યોગીન્દુ, જિનસેન, સમંતભદ્ર)


(૧૯) દશ પ્રાણ પૈકી જીવોને .................. પ્રાણ હોય છે. (દશ, આઠ, છ)

(૨૦) ખોટું બોલવામાં આનંદ માનવો તેને .................. રૌદ્રધ્યાન કહે છે.
(હિંસાનંદિ, ચૌર્યાનંદિ, મૃષાનંદિ)

**કર ન સકેં જો તુચ્છબુદ્ધિ વે, હે જિનવર; ક્યા તેરા રુપ,**
**ઇન્દ્રિયગોચર કર સકતે હૈં, સકલ જ્ઞેયમય જ્ઞાનસ્વરૂપ ? ૨૨.**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(ગાથા – ૬)

### પંચેન્દ્રિય–તિર્યંચનાં દુઃખોનું વર્ણન

અજ્ઞાનથી સંસારમાં ભમતાં તિર્યંચ ગતિમાં એકેન્દ્રિયથી ચતુરીન્દ્રિયપણામાં જીવે જે દુઃખ ભોગવ્યા તેની વાત કરી; હવે કોઈવાર પંચેન્દ્રિયતિર્યંચ થયો તો શું થયું–તે કહે છે—

कबहूँ पंचेन्द्रिय पशु भयो, मन बिन निपट अज्ञानी थयो ।
सिंहादिक सैनी ह्वै क्रूर, निबल पशु हति खाये भूर ।।६।।




કોઈક વાર જીવ પંચેન્દ્રિય થયો તો અસંજ્ઞી થયો, એટલે પાંચ ઈન્દ્રિયો તો પૂરી મળી પણ મન વગરનો થયો, વિચારશક્તિ વગરનો મૂઢ રહ્યો; અસંજ્ઞીપણામાં તીવ્ર અજ્ઞાન છે–મૂઢતા છે, તેને હિત–અહિતનો કંઈ વિચાર જ નથી, ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિ જ નથી; જોકે તેને કાન છે, તે સાંભળે છે, પણ સમજવાની બુદ્ધિ કે વિચારશક્તિ તેનામાં નથી, તેને ભાષાજ્ઞાન નથી. એની જ્ઞાનશક્તિ ખૂબ જ અવરાઈ ગઈ છે. આવી દશામાં પંચેન્દ્રિય થઈને પણ તે જીવ ઘણું દુઃખ ભોગવે છે. નરકના જીવો તો સંજ્ઞી છે—પોતાના હિત-અહિતનો વિચાર કરી શકે એવા છે, તે નરકના જીવો કરતાંય આ અસંજ્ઞી જીવો વધારે દુઃખી છે. અસંજ્ઞી જીવો ધર્મ પામી શકતા નથી. વીતરાગવિજ્ઞાનરૂપ ધર્મની પ્રાપ્તિનો અવસર સંજ્ઞીપણામાં જ છે.

સર્પ–દેડકાં–માછલાં વગેરે તિર્યંચો સંજ્ઞી (મનવાળાં) પણ હોય છે ને અસંજ્ઞી પણ હોય છે. કોઈને શરીર મોટું હોય, પણ હોય મન વગરનાં; તે દેખે–સાંભળે ખરા, પણ એનામાં વિચાર કરવા જેટલી બુદ્ધિ ન હોય. વિચાર વગરના પ્રાણીને મૂર્ખ કહેવાય છે તેમ

'ઉનકે પિતા' 'પુત્ર હૈં ઉનકે,' કર પ્રકાસ યોં કુલકી બાત,
નાથ; આપકી ગુણ–ગાથા જો, ગાતે હૈં રટ રટ દિનરાત;

તે અસંજ્ઞી જીવો તદ્દન મૂર્ખ છે, તે કાંઈ શિખામણ ગ્રહણ કરી શકતા નથી. પંચેન્દ્રિય થઈને પણ જીવ આવી મૂઢતામાં રહ્યો ને ઘણાં દુઃખ સહન કર્યા. અરે પ્રભુ! તું તો આવો મનવાળો મનુષ્ય થયો છો...તો આ અવસર ચૂકીશ મા. કેમકે—

યહ માનુષપર્યાય સુકુલ, સુનિવૌ જિનવાની,
ઇહવિધિ ગયે ન મિલે, સુમણિ જ્યોં ઉદધિ સમાની.

નિજસ્વરૂપને ભૂલીને સંસારમાં ભમતો જીવ ક્યારેક સંજ્ઞી પણ થયો તો સિંહ–વાઘ–અજગર વગેરે ક્રૂર તિર્યંચ થયો; તેને મન મળ્યું, વિચારશક્તિ મળી, પણ પરિણામ ન સુધર્યા એટલે ક્રૂરતાથી હરણ–સસલાં વગેરે બીજા નિર્બળ પ્રાણીઓને મારી–મારીને ખાધાં. એ પ્રમાણે મહા પાપ કરીને નરકાદિમાં ભમ્યો.

કોઈ જીવો એકેન્દ્રિયમાંથી નીકળીને સીધા સંજ્ઞી પંચેન્દ્રિય થાય છે; વચ્ચે વિકલેન્દ્રિયપણું કે અસંજ્ઞીપણું થાય જ એવો કાંઈ નિયમ નથી; એકેન્દ્રિયમાંથી કોઈ જીવ સીધો મોક્ષમાં, સ્વર્ગમાં કે નરકમાં ન જાય, પણ તિર્યંચમાં કે મનુષ્યમાં જ જાય. અહીં તો કહે છે કે—અરે, સંજ્ઞી પંચેન્દ્રિય થઈને પણ અજ્ઞાનીપણે જરાય દયા વગર નિર્દયતાથી ક્રૂરપણે નિર્બળ પશુઓને કે મનુષ્યોને પણ ચીરીને ફાડી ખાધા. મહાવીર ભગવાનનો જીવ પણ પૂર્વે દશમા ભવે સિંહ હતો ત્યારે અજ્ઞાનદશામાં ક્રૂરપણે હરણને ફાડી ખાતો'તો ને? ત્યાં તો આકાશમાંથી બે મુનિઓ ઊતર્યા અને નીડરપણે તેની સામે આવીને ઊભા. એમના વીતરાગી દેદાર દેખીને સિંહ તો સ્તબ્ધ થઈ ગયો. મુનિઓએ તેને ઉપદેશ દીધો કે અરે સિંહ! તું સિંહ નથી, તું તો ચૈતન્યભગવાન છો...તું તો ત્રણલોકનો નાથ તીર્થંકર થવાનો છો. ભગવાનની વાણીમાં અમે સાંભળ્યું છે કે આ સિંહનો જીવ દશમા ભવે ભરતક્ષેત્રમાં તીર્થંકર થશે. અરે, તું જગનો તારણહાર,—શું તને આવા ક્રૂર પરિણામ શોભે છે? ના....ના. આ હિંસાના ક્રૂર પરિણામને તું છોડ છોડ! અંદર શાંતપરિણામી આત્મા છે તેને લક્ષમાં લે. અરે, પંચેન્દ્રિય પંચેન્દ્રિયને મારે? આ શો ગજબ! ચેતનને આવી હિંસાના પરિણામ નથી શોભતા.

મુનિનો ઉપદેશ સાંભળતાં સિંહ થંભી જાય છે...તત્ક્ષણ તેના પરિણામ પલટી જાય છે. મુનિ સામે આશ્ચર્યથી જોઈ રહે છે કે અરે આ તે કોણ? સામાન્ય પ્રાણીઓ તો મને દૂરથી જોતાં જ ભયભીત થઈને ભાગે, તેને બદલે આ તો ઉલટા સામેથી નિર્ભયપણે મારી

**ચારુ ચિત્તહર ચામીકરકો, સચમુચ હી વે વિના વિચાર,**
**ઉપલ–શકલસે ઉપજા કહકર, અપને કરસે દેતે ડાર. ૨૩.**

સામે આવીને ઊભા...ને મને મારા હિતની વાત સંભળાવે છે. સિંહના ક્રૂર પરિણામ તો છૂટી ગયા...ને અંતર્મુખ થઈને તે સમ્યગ્દર્શન પામ્યો. પછી તો તેણે ઘણા જ ભાવથી મુનિવરોની ભક્તિ કરી...મુનિઓને પ્રદક્ષિણા કીધી...પશ્ચાત્તાપથી આંખમાંથી આંસુની ધારા ચાલી.

જુઓ, તિર્યંચગતિમાં ધર્મપ્રાપ્તિ તો કોઈકને થાય છે. ભગવાનની ધર્મસભામાં પણ ઉપદેશ સાંભળીને કોઈ કોઈ તિર્યંચો ધર્મ પામે છે. પરંતુ સામાન્યપણે અજ્ઞાનદશામાં જીવ સિંહ વગેરે ક્રૂર તિર્યંચ થઈને નિર્બળ પશુઓને હણે છે. દશમા ભવે તો જગતઉદ્ધારક તીર્થંકર થવાનું છે કે—જેની સમીપમાં સિંહ વગેરે જીવો પણ પોતાનું હિંસકપણું છોડી દ્યે, એવો જીવ પણ અજ્ઞાનદશામાં સિંહ થઈને હરણને મારતો હતો ને! એવા ક્રૂર પાપ પરિણામોથી છૂટીને આત્માનું હિત કરવા માટેનો આ ઉપદેશ છે. કેવા કેવા પરિણામથી તું સંસારમાં દુઃખી થયો, ને હવે શું કરવાથી તે દુઃખ છૂટીને સુખ થાય,—તેનો ઉપાય શ્રીગુરુ બતાવે છે; તે ઉપાય છે—વીતરાગવિજ્ઞાન.

અનંતવાર પંચેન્દ્રિય થઈને પણ અજ્ઞાનવશ જીવે એવા ક્રૂર કામ કર્યા કે જે દેખીને બીજાને પણ કંપારી છૂટે. એકવાર એક રાજા શિકારે ગયો ને વાણિયાને ભેગો લઈ ગયો, ત્યાં એક પાડો બાંધેલો ને સિંહ તેને ખાતો હતો; વાણિયો કહે અરે બાપુ! અમારાથી આ ન જોવાય. રાજા કહે—અરે, તમે વાણિયા તો વેવલા–ડરપોક; અમે તો ક્ષત્રિય-શૂરવીર! આ હાથે કરીએ ને આ હાથે ભોગવીએ. જુઓ, આવા નિષ્ઠુર પરિણામવાળા જીવો નરકમાં ન જાય તો બીજે ક્યાં જાય? અત્યારે નરકમાં એના દુઃખની અસહ્ય પીડા કેવી હશે? એને તો એ વેદે ને ભગવાન જાણે. એની રાડ કોઈ સાંભળે તેમ નથી. અરેરે, પાપ કરતી વખતે જીવ આંધળો થઈ જાય છે,–પાપના ફળને તે દેખી નથી શકતો; પણ જ્યારે એનું પરિણામ આવે છે ત્યારે ભોગવવું આકરું થઈ પડે છે.

અત્યારે તિર્યંચની વાત ચાલે છે. ક્યારેક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ થયો તો એવા ક્રૂર પરિણામ કર્યા કે આત્મ-વિચારનો અવકાશ જ ન રહ્યો. હમણાં એક મોટા અજગરે વાઘ જેવા વાઘને ભરડો લઈને ભીંસી નાખ્યો. છ કલાક સુધી છૂટવા ઘણાં ફાંફા માર્યા પણ અંતે વાઘ મરી ગયો. મોટા માછલાં નાના માછલાંને ખાઈ જાય, અરે, જ્યાં મનુષ્ય મનુષ્યને નિર્દયપણે હણી નાંખે છે ત્યાં પશુની શી વાત! કૂતરી પોતાનાં બચ્ચાને જન્મ આપે ને પોતે

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૧ ઉપર)

**તીન લોકમેં ઢોલ બજાકર, કિયા મોહ ને યહ આદેશ,**
**સભી સુરાસુર હુએ પરાજિત, મિલા વિજય ઉસે વિશેષ;**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

આ વાક્યમાં ''જેવો કાંઈ'' શબ્દ મૂકેલ છે. કોઈ કહે કે સમ્યગ્દર્શન પ્રગટ થયું પણ કેવળજ્ઞાન કેમ થતું નથી? કર્મના કારણે બાકી હશે? ના. તે સમયની યોગ્યતાથી તે તે જાતનો પર્યાયધર્મ છે. એક સમયના પર્યાયમાં બધી પર્યાય આવી જાય છે? ના, પર્યાયધર્મની જાતિ સિદ્ધ કરવી છે, પર્યાય એક પછી એક એમ થાય છે. પર્યાય સ્વકાળની વર્તના છે, તે વર્તનાના કાળે પરિણમે એવો પર્યાયનો સ્વભાવ છે. સમ્યગ્જ્ઞાન થવા છતાં કેવળજ્ઞાન કેમ થતું નથી? સમ્યગ્દર્શન થવા છતાં ચારિત્ર કેમ થતું નથી? એવો પ્રશ્ન કરનાર પર્યાય ધર્મને સમજ્યો નથી. જે સમયે જે પર્યાયનો ધર્મ છે તે તે સમયનો છે, આડોઅવળો નથી. તે પર્યાયને સમ્યક્ભાવ સિદ્ધ કરે છે. જે પરિણમન થયું તે તેમ જ છે, બીજી રીતે નથી. આમ સમ્યક્ભાવ નક્કી કરે છે. આ રીતે આત્મદ્રવ્યની દ્રવ્યજાતિ, ગુણની ગુણજાતિ તે પર્યાયની પર્યાયજાતિ સમ્યક્ભાવથી સિદ્ધ થાય છે.

(૨) શુદ્ધોપયોગ પરિણતિ સાધક છે. પરમાત્મા સાધ્ય છે. સમ્યગ્દષ્ટિ સમજે છે કે શુદ્ધોપયોગ સાધક છે પણ પુણ્ય-પાપ સાધક નથી, નિમિત્ત સાધક નથી. રાગ-દ્વેષ રહિત ચારિત્રની શુદ્ધ પરિણતિ સાધક છે ને પરમાત્મા થવું તે તેનું ફળ છે. ચિત્તના સંગ વિનાની જ્ઞાન ને આનંદની પરિણતિની વાત છે. દ્રવ્યમનનો સંગ થઈને હિંસાદિ અથવા દયા-દાનાદિની વૃત્તિ ઉઠે તે બંધનું કારણ છે. આત્માનો સંગ બંધના અભાવનું કારણ છે. હું જ્ઞાનાનંદ છું. એવા અંતરસ્વભાવના સંગથી શુદ્ધોપયોગ થાય છે. દયા-દાનથી કે ભગવાનના સંગથી શુદ્ધોપયોગ થતો નથી. શુદ્ધોપયોગ સાધન છે ને તેનું કાર્ય પરમાત્મપણું છે. ત્રિકાળી દ્રવ્યના સંગે શુદ્ધોપયોગ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રનાં સંગથી શુદ્ધોપયોગ થાય છે એમ નથી. તારી નિજ જાત તો દ્રવ્ય-ગુણ શુદ્ધ છે ને પર્યાયનો અંશ દ્રવ્ય સાથે અભેદ થાય તે શુદ્ધોપયોગ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે જોડાય તો શુભોપયોગ છે ને બૈરાં-છોકરાં વગેરે અશુભ નિમિત્ત સાથે જોડાય તે અશુભોપયોગ છે. તે બન્ને અશુદ્ધ છે. શુભાશુભ પરિણામથી રહિત થઈને આત્મા સાથે જોડાય તે શુદ્ધોપયોગ છે.

કિન્તુ નાથ; વહ નિબલ આપસે, કર સકતા થા કહાં વિરોધ,
વૈર ઠાનના બલવાનોસે, ખો દેતા હૈ ખુદકો ખોદ. ૨૪.

આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને વર્તમાન પર્યાય સ્વભાવ તરફ ઢળી છે એ અપેક્ષાએ તેને સર્વરૂપ શુદ્ધોપયોગ કહી દીધો. જ્ઞાન-દર્શન જે ઉઘડ્યું છે તે શુદ્ધ જ છે, માટે સર્વરૂપ શુદ્ધોપયોગ કહ્યો. શુદ્ધોપયોગ વડે સિદ્ધ થવાય છે. સમ્યગ્દર્શને શુદ્ધ આત્માની પ્રતીતિ કરી છે ને જ્ઞાન આત્મામાં વળેલ છે. એ અપેક્ષાએ તેને સર્વરૂપ શુદ્ધોપયોગ કહ્યો. હવે ચારિત્રની વાત કરે છે.

જ્ઞાન-દર્શન ઉપયોગના બાર ભેદો આવે છે. તે જાણવા-દેખવાના અર્થમાં ઉપયોગ છે. તેમાં શુદ્ધ કે અશુદ્ધ ઉપયોગની વાત ન આવે, શુદ્ધ-અશુદ્ધ ઉપયોગની વાત ચારિત્રના અર્થમાં—આચરણમાં આવે છે. દયા-દાનાદિના શુભરાગને અશુદ્ધ ઉપયોગ કહે છે ને રાગરહિત પરિણામ થાય તેને શુદ્ધ ઉપયોગ કહે છે. શુદ્ધ ઉપયોગની પ્રધાનતા ચારિત્રમાં જાય છે. જ્ઞાન-દર્શન સાધક છે તેથી સર્વ શુદ્ધ નથી. ચારિત્રના શુદ્ધ ઉપયોગની અંશે શરૂઆત ચોથે થાય છે ને પૂર્ણતા બારમે થાય છે. જ્ઞાન-દર્શન તો શુદ્ધ જ છે, પણ નીચે ચોથા ગુણસ્થાને શુદ્ધ ચિદાનંદનો અનુભવ થતાં અનંતાનુબંધીનો અભાવ થતાં કેટલાક અંશે શુદ્ધતા છે ને બાકી અશુદ્ધતા છે. પાંચમે અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનનો અભાવ થતાં ચોથાથી વિશેષ શુદ્ધતા છે ને બાકી અશુદ્ધતા છે. મુનિઓને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની ને પ્રત્યાખ્યાની કષાયનો અભાવ થતાં શુદ્ધતા વધી છે ને અંશે અશુદ્ધતા બાકી છે. બારમા ગુણસ્થાને ઉપયોગ પૂર્ણ શુદ્ધ છે, ત્યાં અશુદ્ધતા નથી.

ચારિત્રની શુદ્ધતા અંશે ચોથાથી શરૂ થઈને બારમા ગુણસ્થાને પૂર્ણ થાય છે. તે તેરમા-ચૌદમા ગુણસ્થાને પરમયથાખ્યાતચારિત્ર નામ પામે છે. હવે જ્ઞાન-દર્શનની વાત કરે છે. નીચલી દશામાં કેટલીક જ્ઞાનશક્તિ શુદ્ધ થઈ છે. શુદ્ધતાની અપેક્ષાએ શુદ્ધ છે પણ પૂર્ણ જ્ઞાન-દર્શન ઉઘડ્યાં નથી તેથી કેટલીક શુદ્ધ કહી છે. મારામાં કેવળજ્ઞાન અનાદિ અનંત ગુપ્ત પડ્યું છે તેની પ્રતીતિ કરી છે. કેવળજ્ઞાન પ્રગટશે એવું જ્ઞાનવડે નક્કી કર્યું છે, તે શક્તિને પ્રતીતિમાં લીધી છે ને એકાગ્ર થતાં કેવળજ્ઞાન થશે, માટે શુદ્ધોપયોગ સાધક છે ને કેવળજ્ઞાન અથવા પરમાત્મદશા તેનું ફળ છે—સાધ્ય છે. કેવળજ્ઞાન અંતરમાં પડ્યું છે. તેમાંથી પ્રગટ થાય છે તે નિમિત્તમાંથી, રાગમાંથી કે વજ્રવૃષભનારાચ-સંહનનમાંથી આવતું નથી. આવી પ્રતીતિ, રુચિ ને શ્રદ્ધાભાવ કરી નિશ્ચય કર્યો, તેને લીધે શક્તિની વ્યક્તિ થઈ જાય છે.

આમ શુદ્ધોપયોગ સાધક ને પરમાત્મા સાધ્ય છે. (ક્રમશઃ) ❊

**તુમને કેવલ એક મુક્તિકા, દેખા માર્ગ સૌખ્યકારી,**
**પર ઔરોને ચારો ગતિ કે, ગહન પંથ દેખે ભારી;**



## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી વૈરાગ્ય–અનુપ્રેક્ષા

(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)

### (૧૦) નિર્જરા–અનુપ્રેક્ષા

—એમ સર્વ પ્રકારથી સંવર વડે જેણે કર્મના આસ્રવને રોક્યો છે એવા મુનિ, નિર્જરાને માટે સૂત્રોક્ત વિવિધ તપ કરે છે. (૧૮૫૨)

જેમ સંઘરી રાખેલું ધન ઉપભોગાદિ વગર ક્ષીણ થતું નથી તેમ નિર્જરા વગર કર્મના માત્ર સંવરથી મોક્ષ થતો નથી. (૧૮૫૩)

પૂર્વકૃત કર્મનું ઝરી જવું તે નિર્જરા છે, અને તે બે પ્રકારની છે; પહેલી વિપાકપૂર્વકની (નિર્જરા) અને બીજી અવિપાકી. (૧૮૫૪)

જેમ વનસ્પતિ–ફળ કેરી વગેરે કાળ અનુસાર (ઝાડ ઉપર જ) પાકે છે, તેમ જ ઉપાય વડે (પાલા વગેરેમાં નાખીને) પણ પાકે છે; તેમ જીવે પૂર્વે કરેલાં કર્મ પાકીને ખરવાની બે રીત–એક તો તેના ઉદયકાળ પ્રમાણે સ્વયં પાકીને ખરી જાય છે, ને બીજું ઉદયકાળ પહેલાં તપ વડે પાકીને ખરી જાય છે–આમ કર્મનિર્જરાના બે પ્રકાર છે. (૧૮૫૫)

માત્ર ઉદયમાં આવેલા કર્મોની નિર્જરા તો બધાય જીવોને થાય છે; પરંતુ ઉદયગત તેમજ સત્તામાં રહેલા, સમસ્ત કર્મોની નિર્જરા તપ વડે થાય છે. (૧૮૫૬)

સામાન્યપણે ફળ ભોગવ્યા વગર કોઈ કર્મ છૂટતું નથી; પરંતુ વિશેષપણે, તપ–અગ્નિવડે દગ્ધમાન એવું તે કર્મ ફળ આપ્યા વગર પણ વિનાશ પામી જાય છે.

('બાંધેલાં કર્મ ભોગવ્યા વિના છૂટકો નથી' એવી જે એકાંત માન્યતા ઘણા જીવોને છે તેનું આ ગાથાથી ખંડન થાય છે, કેમકે આત્માની આરાધનાના પ્રભાવથી ઘણાં કર્મો ફળ આપ્યા વગર પણ અવિપાકપણે વિનાશ પામી જાય છે–નિર્જરી જાય છે.) (૧૮૫૭)

જેમ પ્રજ્વલિત અગ્નિ ઘાસના મોટા ઢગલાને પણ બાળીને નાશ કરે છે તેમ તપરૂપી અગ્નિ કર્મરૂપી ઘાસના મોટા ઢગલાને પણ નષ્ટ કરે છે. (૧૮૫૮)

ચીકાસના પરિશોધક (અર્થાત્ કષાયરૂપ ચીકાશને દૂર કરનારા) એવા સમ્યક્ તપ વડે કર્મની ચીકાસ દૂર થતાં તે કર્મ વિપરિણામ પામે છે એટલે કે તેની કર્મપર્યાય છૂટી જાય

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)

**ઇસસે સબ કુછ દેખા હમને, યહ અભિમાન ઠાન કરકે,**
**હે જિનવર, નહિં કભી દેખના, અપની ભુજા તાન કરકે. ૨૫.**




## જિનેન્દ્રદેવ પ્રરૂપિત શાસ્ત્ર–અભ્યાસનો લાભ

(શ્રી રત્નકરંડ શ્રાવકાચાર : અભીક્ષ્ણ જ્ઞાનોપયોગ ભાવના)




૧. કષાયોનો અભાવ થઈ જાય છે.
૨. માયા, મિથ્યાત્વ, નિદાન–આ ત્રણેય શલ્યોનો જ્ઞાનાભ્યાસથી નાશ થાય છે.
૩. જ્ઞાનના અભ્યાસથી જ મન સ્થિર થાય છે.
૪. અનેક પ્રકારના દુઃખદાયક વિકલ્પ નાશ પામે છે.
૫. શાસ્ત્રાભ્યાસથી જ ધર્મધ્યાન ને શુક્લધ્યાનમાં અચળ થઈને બેસી શકાય છે.
૬. જ્ઞાનાભ્યાસથી જ જીવ વ્રત–સંયમથી ચલાયમાન થતો નથી.
૭. જિનેન્દ્રનું શાસન પ્રવર્તે છે.
૮. અશુભકર્મોનો નાશ થાય છે.
૯. જિનધર્મની પ્રભાવના થાય છે.
૧૦. જ્ઞાનના અભ્યાસથી જ લોકોના હૃદયમાં પૂર્વનો સંચિત કરાયેલો પાપરૂપ ઋણ નાશ પામે છે.
૧૧. અજ્ઞાની જે કર્મને ઘોર તપ દ્વારા કોટિ વર્ષમાં ખપાવે છે, તે કર્મને જ્ઞાની અંતર્મુહૂર્તમાં જ ખપાવી દે છે.
૧૨. જ્ઞાનના પ્રભાવથી જ જીવ સમસ્ત વિષયોંની વાંછાથી રહિત થઈને સંતોષ ધારણ કરે છે.
૧૩. શાસ્ત્રાભ્યાસથી જ ઉત્તમ ક્ષમાદિ ગુણ પ્રગટ થાય છે.
૧૪. ભક્ષ્ય–અભક્ષ્ય, યોગ્ય–અયોગ્ય, ગ્રહણ–ત્યાગ કરવાનો ઉચિત વિચાર થાય છે.
૧૫. જ્ઞાન વગર પરમાર્થ અને વ્યવહાર બંને નાશ પામે છે.
૧૬. જ્ઞાનના સમાન કોઈ ધન નથી અને જ્ઞાન–દાન સમાન કોઈ અન્ય દાન નથી.
૧૭. દુઃખી જીવોને હમેશા જ્ઞાન જ શરણ–આધાર છે.
૧૮. જ્ઞાન જ સ્વદેશ અને પરદેશમાં હમેશા આદર કરવાવાળું પરમ ધન છે.
૧૯. જ્ઞાનધનને કોઈ ચોર ચોરી શકતું નથી, લૂંટવાવાળો લૂટી શકતો નથી, અવૈધરૂપથી કોઈ દબાવી શકતું નથી.
૨૦. જ્ઞાન કોઈને આપવાથી ઘટતું નથી, જે જ્ઞાનદાન આપે છે તેનું જ્ઞાન વૃદ્ધિને પામે છે.
૨૧. જ્ઞાનથી જ સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે.
૨૨. જ્ઞાનથી જ મોક્ષ પ્રગટ થાય છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને યોગ્યતારૂપ જાણે છે કે તે પર્યાયોને વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે?**

ઉત્તર :—દરેક પદાર્થની ભૂતકાળની પર્યાયો અને ભવિષ્યકાળની પર્યાયો વર્તમાનમાં અવિદ્યમાન—અપ્રગટ હોવા છતાં સર્વજ્ઞ ભગવાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે. અનંતકાળ પહેલાં થઈ ગયેલ ભૂતકાળની પર્યાયો અને અનંતકાળ પછી થનારી ભવિષ્યની પર્યાયો અવિદ્યમાન હોવા છતાં કેવળજ્ઞાન વર્તમાનવત્ પ્રત્યક્ષ જાણે છે.

આહાહા! જે પર્યાયો થઈને ગઈ છે અને જે થઈ નથી એવી ભૂત-ભવિષ્યની પર્યાયોને પ્રત્યક્ષ જાણે એ જ્ઞાનની દિવ્યતાનું શું કહેવું? કેવળી ભગવાન ભૂત-ભવિષ્યની પર્યાયોને દ્રવ્યમાં યોગ્યતારૂપ જાણે છે એમ નહિ, પણ તે તે પર્યાયો વર્તમાનવત્ પ્રત્યક્ષ હોય તેમ જાણે છે. એ સર્વજ્ઞના જ્ઞાનની દિવ્યતા છે. ભૂત-ભવિષ્યની અવિદ્યમાન પર્યાયો કેવળજ્ઞાનમાં વિદ્યમાન જ છે. આહાહા! એક સમયની કેવળજ્ઞાન પર્યાયની આવી વિસ્મયતા અને આશ્ચર્યતા છે તો આખા દ્રવ્યના સામર્થ્યની વિસ્મયતા અને આશ્ચર્યતાનું કહેવું શું?

**પ્રશ્ન :—આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?**

ઉત્તર :—અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ, પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ નક્કી કરતાં જ પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમેક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી?—દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (—શ્રદ્ધા-જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને

**રવિકો રાહુ રોકતા હૈ, પાવકકો વારિ બુઝાતા હૈ,**
**પ્રલયકાલકા પ્રબલ પવન, જલનિધિકો નાચ નચાતા હૈ;**

સમ્યક્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.—એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

સ્વ કે પર કોઈ દ્રવ્યને, કોઈ ગુણને કે કોઈ પર્યાયને ફેરવવાની બુદ્ધિ જ્યાં ન રહી ત્યાં જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી ગયું એટલે એકલો વીતરાગી જ્ઞાતા ભાવ જ રહી ગયો, તેને અલ્પકાળમાં મુક્તિ થાય જ. બસ! જ્ઞાનમાં જ્ઞાતાદૃષ્ટાપણું રહેવું તે જ સ્વરૂપ છે, તે જ બધાનો સાર છે. અંતરની આ વાત જેને ખ્યાલમાં ન આવે તેને ક્યાંક પરમાં કે પર્યાયમાં ફેરફાર કરવાનું મન થાય છે; જ્ઞાતાભાવને ચૂકીને ક્યાંય પણ ફેરફાર કરવાની બુદ્ધિ તે મિથ્યાબુદ્ધિ છે.

**પ્રશ્ન :—એક બાજુ પર્યાય ક્રમબદ્ધ કહો છો અને બીજી બાજુ પર્યાય ઉપરથી દૃષ્ટિ ઉઠાવવાનું કહો છો?**

ઉત્તર :—પર્યાય ક્રમબદ્ધ થાય છે એમ જાણે તો પર્યાયનું કર્તૃત્વ છૂટીને અકર્તા સ્વભાવની દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. ક્રમબદ્ધ ઉપર દૃષ્ટિ રાખીને ક્રમબદ્ધનો નિર્ણય નથી થતો. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે ત્યારે ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે. ક્રમબદ્ધ છે એ તો સર્વજ્ઞનો પ્રાણ છે.

**પ્રશ્ન :—ક્રમબદ્ધમાં ક્રમબદ્ધની વિશેષતા છે કે દ્રવ્યની?**

ઉત્તર :—ક્રમબદ્ધમાં જ્ઞાયક દ્રવ્યની વિશેષતા છે. ક્રમબદ્ધમાં અકર્તાપણું સિદ્ધ કરીને જ્ઞાયકપણું બતાવવું છે.

**પ્રશ્ન :—વસ્તુમાં નિયત અને અનિયત બંને ધર્મો એક સાથે છે, અને જ્ઞાનીને બંનેનો સ્વીકાર છે—આવી સ્થિતિમાં વસ્તુને ક્રમબદ્ધ કેમ કહે છે, સાથે રહેલ અક્રમને પણ કેમ નથી સ્વીકારતા?**

ઉત્તર :—નિયતને અને તેની સાથે નિયત સિવાયના બીજા અનિયતને (એટલે કે પુરુષાર્થ, કાળ, સ્વભાવ, જ્ઞાન, શ્રદ્ધા, નિમિત્ત વગેરેને) પણ જ્ઞાની સ્વીકારે છે, માટે તેને નિયત-અનિયતનો મેળ થયો. (અહીં 'અનિયત'નો અર્થ 'અક્રમબદ્ધ' એમ ન સમજવો, પણ નિયતની સાથે રહેલા નિયત સિવાયના પુરુષાર્થ વગેરે ધર્મોને અહીં 'અનિયત' કહ્યા છે—એમ સમજવું) એ રીતે વસ્તુમાં 'નિયત' 'અનિયત' બંને ધર્મો એક સમયે એક સાથે છે એટલે અનેકાન્ત સ્વભાવ છે. ને તેની શ્રદ્ધામાં અનેકાન્તવાદ છે.

**એસે હી ભવ-ભોગોંકો, ઉનકા વિયોગ હરતા સ્વયમેવ,**
**તુમ સિવાય સબકી બઢતી પર, ઘાતક લગે હુએ હૈં દેવ. ૨૬.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન :***—વિભાવને અને વર્તમાન પર્યાયને ગૌણ કરી સ્વભાવનું આલંબન કરવાનું કહેવામાં આવે છે; પણ સ્વભાવ તો દેખાતો નથી? વર્તમાન વિકાર જ દેખાય છે?

**સમાધાન :**—જે નથી દેખાતું તેને જોવાનો પ્રયત્ન કરવો અર્થાત્ જે અદૃશ્ય છે તેને દૃશ્યમાન કરવું અને જે દેખાય છે તેને ગૌણ કરવું. સ્વભાવ અદૃશ્ય લાગે છે, પણ તે દેખાય એવો છે. તેને પોતે જોતો નથી તેથી તે અદૃશ્ય એટલે કે ગુપ્ત થઈ ગયો છે એમ નથી; તે દેખાય, લક્ષમાં આવે, તેનાં દર્શન થાય તેમ જ જ્ઞાનમાં આવે તેમ છે. માટે તેને દૃશ્યમાન કરવાનો પ્રયત્ન કરવો. બધાને જ્ઞાનસ્વભાવ તો જણાઈ રહ્યો છે. તે જ્ઞાનના લક્ષણ દ્વારા—ગુણ દ્વારા—ગુણીને ઓળખી લેવો. ગુણ-ગુણીના ભેદ પડે, પણ તે એક જ વસ્તુ છે, જુદી નથી. શાસ્ત્રમાં આવે છે કે લક્ષણથી લક્ષ્યને ઓળખી લેવું, ઓળખવાનો પ્રયત્ન કરવો. લક્ષ્યને-જ્ઞાનસ્વભાવને ઓળખવાથી, તેમાં દૃષ્ટિ કરવાથી, તથા તેમાં તન્મયતા થવાથી, શાંતિ અને સુખ મળે છે. તેમાંથી જ અપાર અને અગાધ જ્ઞાન પ્રગટે છે. અપૂર્વ વીતરાગી દશા ને આનંદ તેને ગ્રહણ કરવાથી પ્રગટે છે. આ અનાદિકાળના બધા વિભાવ તો આકુળતારૂપ અને દુઃખરૂપ છે. તેને ટાળવા નિરાળા તત્ત્વને ગ્રહણ કરવું.

***પ્રશ્ન :***—રાગી જીવ ભેદનું લક્ષ કરે તો રાગ ઉત્પન્ન થાય છે. તો સામર્થ્યનો આશ્રય લેતાં સમ્યગ્દર્શન કેવી રીતે થાય? કેમ કે સામર્થ્ય પણ એક અંશ છે ને?

**સમાધાન :**—સામર્થ્યમાં એક અંશ ન લેવો, પરંતુ અનંત શક્તિથી ભરેલો આત્મા લેવો અને તેમાં પણ અખંડ દ્રવ્યનો આશ્રય લેવાનો છે, એક ગુણનો આશ્રય લેવો એમ નહિ. તે અખંડ દ્રવ્ય કેવું છે? કે અનંત શક્તિથી—અનંત સામર્થ્યથી ભરેલું છે. તે દ્રવ્યનો આશ્રય લેવાથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે; જ્યારે વિભાવના આશ્રયે કે પર્યાય અને ગુણભેદ ઉપર દૃષ્ટિ મૂકવાથી તો રાગ થાય છે. માટે અંદર એક આખા દ્રવ્યનો આશ્રય લેવો.

મુમુક્ષુઃ—ધ્રૌવ્યને અંશ કહેવામાં આવે છે ને? તે તો વિભાગ થયો, તો આખી વસ્તુ કેવી રીતે છે?

બહેનશ્રીઃ—ધ્રૌવ્ય તે આખી વસ્તુ છે. કોઈ અપેક્ષાએ તેને અંશ તરીકે પણ લેવાય

છે; છતાં તે અંશ અને આ પર્યાયના અંશમાં ફેર છે. ઉત્પાદ-વ્યય એ પલટતો અંશ છે અને આ તો શાશ્વત ધ્રુવ અંશ છે કે જે સ્થિર છે, પૂર્ણ છે. ઉત્પાદ-વ્યય પલટતા અંશો હોવાથી જ્ઞાનમાં ગૌણ થાય છે, જ્યારે શાશ્વત ધ્રૌવ્યને ગ્રહણ કર્યો તેમાં આખું અસ્તિત્વ આવી જાય છે. જે પલટે છે તે જ્ઞાનમાં આવે છે, પણ પલટે છે તેનો આશ્રય લેવામાં આવતો નથી. જે શાશ્વત છે તેનો જ આશ્રય લેવાય છે. બીજી ક્ષણે જે પલટી જાય છે, તે પલટતાનો આશ્રય લેવાતો નથી. ધ્રુવમાં આખું સામર્થ્ય છે. ઉત્પાદ-વ્યય પલટે છે તે પણ દ્રવ્યનું સ્વરૂપ છે; પરંતુ તે પલટ્યા કરે છે તેથી તેનો-પલટનારનો-આશ્રય લેવાય નહિ, શાશ્વત ધ્રુવનો જ આશ્રય લેવાય. શાશ્વત ધ્રુવ છે તે અનંતગુણથી—અનંત શક્તિઓથી—ભરેલો છે. શાશ્વત ધ્રુવ છે તે ખાલી એકલું નથી. અનંતગુણ-શક્તિથી ભરેલો ધ્રુવ છે. અને તેને લક્ષમાં લીધો એટલે બીજું કાંઈ બાકી રહી જતું નથી. તેના આશ્રયમાં બધું આવી જાય છે. પર્યાય કાંઈ આશ્રય લેવા યોગ્ય નથી, તેનું વેદન થાય છે. દ્રવ્યના આશ્રયમાં પર્યાય આવતી જ નથી, જે શાશ્વત ધ્રુવ છે તે જ આશ્રયમાં આવે છે. અને શાશ્વત ધ્રુવ આશ્રયમાં આવ્યું તેમાં બધું આવી જાય છે. કાંઈ બાકી રહેતું નથી. શાશ્વત છે તેનો આશ્રય લેવાથી રાગ નથી થતો, ઊલટો રાગ છૂટે છે.

***પ્રશ્ન* :—**રુચિ કેમ થાય?

**સમાધાન :—**રુચિ પોતાથી થાય છે, કોઈ કરી દેતું નથી. રુચિ પોતાને અંદરથી લાગવી જોઈએ. ગુરુદેવે આવી વાણી વરસાવી, હવે રુચિ કરવી તે પોતાના હાથની વાત છે. ગુરુદેવે કહ્યું, આત્મા કોઈ અપૂર્વ-અનુપમ છે. આત્મામાં બધું છે તે અમુક વિચાર કરીને નક્કી કરી રુચિ જગાડવી. રુચિ અનુયાયી વીર્ય. પોતાના આત્માના જ પ્રયોજનવાળી સાચી રુચિ હોય તો જ્ઞાન તેમાં સાચું કામ કરે છે. રુચિ એવી લાગે કે ક્યાંય રોકાય નહિ એવી તીક્ષ્ણ રુચિ હોવી જોઈએ. આવે છે ને? કે "હું તો હાલું-ચાલું ને પ્રભુ સાંભરે રે" તેના જેવી આત્માની રુચિ થવી જોઈએ કે જ્યાં જોઉં ત્યાં મને આત્મા જ સાંભરે, હાલું-ચાલું તો આત્મા જ સાંભરે. મારો આત્મા કેમ પ્રગટ થાય? એમ મને બધાં કાર્યોમાં આત્મા સાંભરે. 'હું તો ભોજન કરું ને પ્રભુ સાંભરે રે' તેમ મને દરેક સમયે આત્મા સાંભરે, 'દાતણ કરું ને પ્રભુ સાંભરે રે' એવી આત્માની રુચિ અને લગની લાગે તો અંદરથી આત્મા પ્રગટ થવાનો અવકાશ આવે. આત્માની રુચિ એવી લાગવી જોઈએ કે ક્યાંય રસ લાગે નહિ ને બધેથી રસ તૂટી જાય. 'હું નીંદર કરું ને પ્રભુ સાંભરે રે' એમ હું નીંદર કરું ને મને આત્મા સાંભરે તેવી રીતે દરેક કાર્યમાં મને આત્મા સાંભરે. આત્મા કેમ પ્રગટ થાય? તેવી અંદરથી લગની લાગે તો આત્મા અંદરથી પ્રગટ થાય; પણ તેને ક્ષણે ક્ષણે એવી રુચિ અને લગની જોઈએ.

## બાળ વિભાગ


## વાત્સલ્ય–અંગમાં પ્રસિદ્ધ વિષ્ણુમુનિની કથા


લાખો વર્ષો પહેલાંની–મુનિસુવ્રત ભગવાનના તીર્થની આ વાત છે. ઉજ્જૈનનગરીમાં ત્યારે શ્રીવર્મા રાજા રાજ્ય કરતા હતા. તેને બલિ વગેરે ચાર મંત્રી હતા. તેઓ નાસ્તિક હતા. તેમને ધર્મની શ્રદ્ધા ન હતી.



એકવાર તે ઉજ્જૈન નગરીમાં સાતસો મુનિઓના સંઘ સહિત અકંપન આચાર્ય પધાર્યા. લાખો નગરજનો આનંદથી મુનિવરોનાં દર્શન કરવા ગયા. રાજાને પણ તેમનાં દર્શન કરવાની ઈચ્છા થઈ તેથી મંત્રીઓને પણ સાથે આવવા કહ્યું. જો કે તે બલિ વગેરે મિથ્યાદૃષ્ટિ મંત્રીઓને તો જૈન મુનિઓ ઉપર શ્રદ્ધા ન હતી પણ રાજાની શરમથી તેઓ પણ સાથે ચાલ્યા.

રાજાએ મુનિઓને વંદન કર્યું પણ જ્ઞાન-ધ્યાનમાં મસ્ત મુનિવરો તો મૌન જ હતા. તે મુનિઓની આવી શાંતિ અને નિસ્પૃહતા દેખીને રાજા તો પ્રભાવિત થયો. પણ, મંત્રીઓ દુષ્ટભાવે કહેવા લાગ્યા કે મહારાજ! આ જૈન મુનિઓને કાંઈ જ્ઞાન નથી તેથી તેઓ મૌન રહેવાનો ઢોંગ કરે છે! એ પ્રમાણે નિંદા કરતા કરતા તેઓ જતા હતા ત્યાં રસ્તામાં શ્રુતસાગર નામના મુનિ મળ્યા; તેમનાથી મુનિસંઘની નિંદા સહન ન થઈ. તેથી તેમણે મંત્રીઓ સાથે વાદવિવાદ કર્યો. એ રત્નત્રયધારક મુનિરાજે અનેકાંત–સિદ્ધાંતના ન્યાયો વડે મંત્રીની કુયુક્તિઓનું ખંડન કરીને તેને મૌન કરી દીધો. આમ, રાજાની હાજરીમાં હારી જવાથી તેને અપમાન લાગ્યું.





અપમાનથી ક્રોધે ભરાયેલા તે પાપી મંત્રીઓ રાત્રે મુનિઓને મારી નાંખવા ગયા. ધ્યાનમાં ઉભેલા મુનિરાજ ઉપર તલવાર ઉગામીને જ્યાં મારવા જાય છે ત્યાં તો એકાએક તેમના હાથ થંભી જ ગયા...રે! કુદરત આવી હિંસા દેખી શકી

નહીં. તલવાર ઉગામેલો હાથ એમને એમ અદ્ધર રહી ગયો ને તેમના પગ પૃથ્વી સાથે ચોંટી ગયા.

સવારમાં લોકોએ આ દૃશ્ય જોયું. રાજાને ચારેય મંત્રીની દુષ્ટતાની ખબર પડી એટલે તેમને ગધેડે બેસાડીને નગર બહાર કાઢી મૂક્યા. યુદ્ધકળામાં કુશળ એવા તે બલિ વગેરે મંત્રીઓ રખડતા-રખડતા હસ્તિનાપુર નગરીમાં જઈ પહોંચ્યા અને ત્યાં રાજાના મંત્રી તરીકે રહ્યા.

હસ્તિનાપુર તે ભગવાન શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ—એ ત્રણ તીર્થંકરોની જન્મભૂમિ છે. આ કથા બની તે વખતે હસ્તિનાપુરમાં ચક્રવર્તીના પુત્ર પદ્મરાજા રાજ્ય કરતા હતા. તેમના એક ભાઈ મુનિ થયા હતા—એમનું નામ વિષ્ણુકુમાર. તેઓ આત્માના જ્ઞાન-ધ્યાનમાં મસ્ત રહેતા. તેમને કેટલીય લબ્ધિઓ પ્રગટી હતી પણ તેમાં તેનું લક્ષ ન હતું; તેમનું લક્ષ તો આત્માની કેવળજ્ઞાનલબ્ધિ સાધવા ઉપર હતું.


સિંહરથ નામનો એક રાજા, આ હસ્તિનાપુરના રાજાનો દુશ્મન હતો અને ઘણા વખતથી હેરાન કરતો હતો; પદ્મરાજા તેને જીતી શકતો ન હતો. અંતે બલિમંત્રીએ યુક્તિથી તેને જીતી લીધો. આથી ખુશી થઈને રાજાએ તેને વચન માંગવા કહ્યું, પણ બલિમંત્રીએ કહ્યું કે જ્યારે જરૂર પડશે ત્યારે માંગીશ.

હવે, અકંપન વગેરે મુનિવરો તો દેશોદેશ વિહાર કરતા કરતા અને ભવ્યજીવોને વીતરાગધર્મ સમજાવતાં-સમજાવતાં હસ્તિનાપુરનગરીમાં આવી પહોંચ્યા. તે અકંપન મુનિવરોને દેખીને બલિમંત્રી ભયથી કાંપી ઊઠ્યો. તેને બીક લાગી કે આ મુનિઓને લીધે અમારાં ઉજ્જૈનનાં પાપ જો પ્રગટ થઈ જશે તો અહીંથી પણ રાજા અપમાન કરીને કાઢી મૂકશે. ક્રોધથી પોતાના વેરનો બદલો લેવાનું તે મંત્રીઓ વિચારવા લાગ્યા.

છેવટે, તે પાપી જીવોએ તે બધા મુનિઓને જીવતા જ બાળી નાંખવાની એક દુષ્ટ યોજના નક્કી કરી. રાજા પાસે વચન માંગવાનું બાકી હતું તે તેમણે માંગ્યું કે મહારાજ! અમારે એક મોટો યજ્ઞ કરવો છે તે માટે અમને સાત દિવસનું રાજ્ય આપો.

પોતાના વચનનું પાલન કરવા રાજાએ તેમને ૭ દિવસ માટે રાજ્ય સોંપી દીધું ને પોતે રાજમહેલમાં જઈને રહ્યો.

બસ! રાજ્ય હાથમાં આવતાં જ તે દુષ્ટ મંત્રીઓએ 'નરબલિયજ્ઞ' કરવાનું જાહેર કર્યું ને જ્યાં મુનિવરો બિરાજતા હતા તેની ચારેકોર હિંસા માટે પશુઓ તેમ જ ગંધાતા હાડકાં, માંસ, ચામડા તથા લાકડાંના ઢગલે ઢગલા કર્યા ને તે સળગાવીને મોટો ભડકો કર્યો. મુનિઓની ચારે બાજુ અગ્નિની જ્વાળા પ્રગટી. મુનિવરો પર ઘોર ઉપસર્ગ થયો.



પણ આ તો મોક્ષના સાધક વીતરાગી મુનિ! અગ્નિના ભડકા વચ્ચે પણ તે મુનિવરો તો શાંતિથી આત્માના વીતરાગી અમૃતરસનું પાન કરતા હતા. બહારમાં ભલે અગ્નિ પ્રગટ્યો પણ તેમના અંતરમાં તેમણે ક્રોધાગ્નિ જરા પણ પ્રગટ થવા ન દીધો. અગ્નિના ભડકા તો નજીક ને નજીક આવી રહ્યા હતા. લોકોમાં ચારેકોર હાહાકાર થઈ ગયો. હસ્તિનાપુરના જૈનસંઘને અપાર ચિંતા થઈ; મુનિવરોનો ઉપસર્ગ દૂર ન થાય ત્યાં સુધી બધા શ્રાવકોએ પણ અન્ન-પાણીનો ત્યાગ કર્યો.

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૩ થી ચાલુ) (વૈરાગ્ય અનુપ્રેક્ષા)

છે અને ધૂળની જેમ તે ખરી જાય છે,–નિર્જરી જાય છે. (૧૮૫૯)

જેમ પાષાણ સાથે મળેલું સોનું મહાન અગ્નિ વડે ધમવામાં આવતાં શુદ્ધ થઈ જાય છે તેમ કર્મ–ધાતુ સાથે મળેલો જીવ, મહાન તપરૂપ અગ્નિવડે ધમવામાં આવતાં શુદ્ધ થઈ જાય છે. (૧૮૬૦)

જિનવચનમાં સંવર વગરના એકલા તપથી મોક્ષ કહ્યો નથી જેમાં પાણીની સરવાણી આવવાનું ચાલુ હોય તે તળાવ કદી પૂરું સૂકાતું નથી (અર્થાત્ જિનવચનમાં સંવરપૂર્વક નિર્જરા કહેવામાં આવી છે.) (૧૮૬૧)

આ પ્રમાણે 'સંયમયોદ્ધો' એટલે કે સંયમધારી શૂરવીર મુનિરાજ, સંવરરૂપ બખ્તર પહેરીને, સમ્યક્ત્વરથમાં આરૂઢ થઈને, શ્રુતજ્ઞાનરૂપ મહા ધનુષને ધારણ કરીને, ધ્યાન વગેરે તપરૂપ બાણો વડે, સંયમની રણભૂમિમાં સમસ્ત કર્મશત્રુઓને પરાજિત કરીને, અનુપમ મોક્ષરાજશ્રીને પ્રાપ્ત કરે છે.–મોક્ષસામ્રાજ્યની શોભાને અથવા મોક્ષરૂપી અનુપમ રાજલક્ષ્મીને પામે છે. (૧૮૬૨-૬૩)

ઇતિ નિર્જરા ભાવના

## (૯૬)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

ખાલી જગ્યા ભરો.

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી પાંચ સમવાયમાંથી .....................ની મુખ્યતા કરતા હતા.

(૨) સાતમી નરકમાં બહુ ................ હોય છે.

(૩) નિયમથી મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યયજ્ઞાન .................. દેવને હોય છે.

(૪) પૂજ્ય ગુરુદેવશ્રી તેમનાં પ્રવચનોમાં શાસ્ત્રોના આધારે શ્રાવકે આવકનાં .............. ટકા ઓછામાં ઓછા શુભકાર્યમાં વાપરવાનું કહેતા હતા.

(૫) આત્મા અને આસ્રવ તણો જ્યાં ભેદ જીવ જાણે નહીં આ ગાથા સમયસારનાં ..................... અધિકારની છે.

(૬) શ્રી કુંદકુંદાચાર્યદેવને ................... ચારિત્ર હતું.

(૭) પંચ નમસ્કાર મંત્રમાં સાધ્ય ................... ભગવાન છે.

(૮) ગાંધીજીને મુંઝવતા ૨૭ પ્રશ્નોના જવાબ .......................... એ આપ્યા હતા.

(૯) મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર ભગવાનને ઓછામાં ઓછા ................... કલ્યાણક હોય છે.

(૧૦) ..................... ધ્યાન પરમ ઉપાદેય છે.

(૧૧) શાસ્ત્રથી જ્ઞાન થાય છે તે .................. વિપરીતતા છે.

(૧૨) પોતાના હાથેથી નાખેલું કતકફળનું દૃષ્ટાંત ....................... શાસ્ત્રમાં આવે છે.

(૧૩) સમયસાર .......................... યોગનું શાસ્ત્ર છે.

(૧૪) શુદ્ધ ઉપયોગથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે ત્યારે ......................કર્મોનો નાશ થાય છે.

(૧૫) ................... ભાવને અકષાયભાવ કહેવાય છે.

(૧૬) આ કાળમાં તીર્થંકર જેવું કાર્ય શ્રી ........................... એ કર્યું છે.

(૧૭) પંચમકાળમાં .................. ન હોવાથી કોઈને ક્ષાયિક સમ્યગ્દર્શન ન થાય.

(૧૮) સમાધિતંત્ર અર્થાત્ સમાધિશતક શાસ્ત્રનાં રચયિતા આચાર્યશ્રી ....................... વિદેહક્ષેત્રમાં ભગવાનના દર્શને ગયા હતાં.

(૧૯) શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત ............................ ભગવાન પાસે પામ્યા હતા.

(૨૦) એક તીર્થંકર ...................... ભગવાન સૌરાષ્ટ્રમાંથી મોક્ષ પામ્યા છે.

## (૯૬) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર કૌંસમાં આપેલ યોગ્ય વિકલ્પથી પૂર્ણ કરો.)

(૧) જે અરિહંતોને ગંધકૂટી ઈત્યાદિ વિશેષતા ન હોય તેમને ................ કેવળી કહેવાય છે. (સાતિશય, સામાન્ય, ઉપસર્ગ)

(૨) અંતરંગ તથા બાહ્ય પરિગ્રહ થઈ કુલ ................ પ્રકાર છે. (૨૪, ૧૦, ૧૪)

(૩) કર્મોના પરમાણુઓની સંખ્યાને ............... બંધ કહે છે. (પ્રદેશ, સ્થિતિ, અનુભાગ)

(૪) માનસિક આહાર .................. ના જીવોને હોય છે. (નારકી, તિર્યંચ, દેવ)

(૫) સમવસરણની આઠ ભૂમિમાં પ્રથમ ભૂમિનું નામ ................. ભૂમિ છે. (ઉપવન, ભવન, ચૈત્યપ્રસાદ)

(૬) ................ જ્ઞાન એ મિથ્યાજ્ઞાન હોઈ શકે નહીં. (અવધિ, મનઃપર્યય, શ્રુત)

(૭) સતશાસ્ત્રના અભ્યાસમાં .................. ને મહત્વ આપવું જોઈએ. (ભાવાર્થ, નયાર્થ, શબ્દાર્થ)

(૮) એક ગુણના આશ્રયે બીજો ગુણ હોય તો તે ગુણ પોતે ................. થઈ જાય. (નષ્ટ, દ્રવ્ય, પર્યાય)

(૯) જે કષાયથી જીવ સકળ ચારિત્રને ગ્રહણ કરી શકે નહીં તેને ............... કષાય કહે છે. (અપ્રત્યાખ્યાન, અનંતાનુબંધી, પ્રત્યાખ્યાન)

(૧૦) બીજા પાસે કરાવવાનો ભાવ તેને .................. કહેવાય છે. (કૃત, અનુમત, કારિત)

(૧૧) દર્શન ઉપયોગના ................ ભેદ છે. (ચાર, છ, ત્રણ)

(૧૨) સમ્યગ્દર્શનની પ્રાપ્તિ માટે ...................ની નિયમથી જરૂર પડે છે. (દેશનાલબ્ધિ, પુણ્યનો ઉદય, મનુષ્યપણા)

(૧૩) સમ્યગ્દષ્ટિને .......... પણ કહેવામાં આવે છે. (વ્યવહારદષ્ટિ, પરાશ્રિતદષ્ટિ, દ્રવ્યદષ્ટિ)

(૧૪) ................ ભગવાનના જન્મ, તપ, કેવળજ્ઞાન અને મોક્ષ કલ્યાણક એક જ દિવસે છે. (અરહનાથ, આદિનાથ, સુમતિનાથ)

(૧૫) મુનિ વગેરેને માટે આહાર, કમંડળ, પીંછી આદિનું દાન દેવું તે .................. છે. (અતિથિસંવિભાગ, અનર્થદંડવ્રત, દિગ્વ્રત)

(૧૬) સાતમા સુપાર્શ્વનાથ ભગવાનના શરીરનો વર્ણ .......... હતો. (સુવર્ણ, હરિત, નીલ)

(૧૭) મુનિને આપવામાં આવતા દાનમાં દાતારના સાત ગુણોમાં દાન આપવામાં પ્રસન્નતા હોવી તેને ................ કહે છે. (મુદિત, નિષ્કપટતા, ક્ષાંતિ)

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૭ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૫૦ થી ૬-૦૦ : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ : | શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ : | પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન જુલાઈ– ૨૦૨૧ના ઉત્તર

(૧) વિજય મેરુ
(૨) સન્મતિનાથ
(૩) ઐલાચાર્ય
(૪) વૈજયન્ત
(૫) મતાર્થ
(૬) ચક્ષુ
(૭) વિપુલાચલ
(૮) અનંતનાથ
(૯) જીવ
(૧૦) પુદ્‌ગલાસ્તિકાય
(૧૧) આકાશ
(૧૨) જ્ઞાનાચાર
(૧૩) પરિગ્રહ પરિમાણ
(૧૪) મિથ્યાત્વ
(૧૫) હિંસા
(૧૬) ભીમ
(૧૭) જંબૂદ્વીપના એક
(૧૮) પશ્ચિમ પુષ્કરાર્ધ
(૧૯) ૨૭૫
(૨૦) ૮૧

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જુલાઈ – ૨૦૨૧ના ઉત્તર

(૧) આદિનાથ અને ભરત
(૨) મહાવીર ભગવાન
(૩) નમિનાથ ભગવાન
(૪) શીતલનાથ ભગવાન
(૫) આદિનાથ ભગવાન
(૬) આદિનાથ ભગવાન
(૭) મહાવીર ભગવાન
(૮) આદિનાથ ભગવાન
(૯) શાંતિનાથ ભગવાન
(૧૦) આદિનાથ ભગવાન
(૧૧) શાંતિનાથ, કુંથુનાથ, અરહનાથ
(૧૨) આદિનાથ ભગવાન
(૧૩) મલ્લિનાથ ભગવાન
(૧૪) મલ્લિનાથ ભગવાન
(૧૫) સુમતિનાથ ભગવાન
(૧૬) પાર્શ્વનાથ ભગવાન
(૧૭) નેમિનાથ ભગવાન
(૧૮) નેમિનાથ ભગવાન
(૧૯) નેમિનાથ ભગવાન
(૨૦) મહાવીર ભગવાન

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● ભાઈ ! પદાર્થની સ્વતંત્રતાની વાત જાણવા માટે બહુ પુરુષાર્થ જોઈએ છે. ભિન્ન તત્ત્વને ભિન્ન તત્ત્વરૂપે જાણવું અને ભિન્ન તત્ત્વને બીજું ભિન્ન રહેલું તત્ત્વ કાંઈ જ કરી શકે નહિ એ વાતો બહુ ઝીણી છે. એને યથાર્થ જાણવામાં બહુ પુરુષાર્થ માગે છે. ૪૬૬.

● સત્ સ્વરૂપ એવા આત્માનો પરિચય રાખજે. જેવો જેનો પરિચય એવી જ એની પરિણતિ થશે. રાગના રસીલા જગતના જીવોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. જેને શરીર આદિનો પ્રેમ છે. જેને પુણ્યનો પ્રેમ છે એવા લૌકિકજનોનો પરિચય કરીશ તો તારી પરિણતિ પડી જશે. લોકો માન-સન્માન આપે એના પરિચયથી તું મરી જઈશ. ૪૬૮.

● મુમુક્ષુજીવ શુભરાગમાં જોડાય છે પણ મુમુક્ષુતામાં શુદ્ધાત્માની શોધક વૃત્તિ ન જાય. મુમુક્ષુજીવને દયા-દાન-પૂજા-ભક્તિ આદિના શુભભાવો આવે ખરા પણ એની વૃત્તિ અને વલણ શુદ્ધાત્મા તરફ રહ્યા કરે છે. શુભભાવમાં તલ્લીનતા ન થાય. જિન સ્વરૂપી ભગવાન આત્માની શોધકવૃત્તિ ન જાય. શુદ્ધાત્માનું ધ્યેય છોડીને શુભરાગનો આગ્રહ કરતો નથી. શુભરાગથી લાભ થશે એમ માનતો નથી અને પર્યાયની અશુદ્ધતા પણ ભૂલતો નથી. સ્વચ્છંદ કરતો નથી. ૪૬૯.

● પ્રશ્ન :—સ્વચ્છંદ એટલે શું ?


ઉત્તર :—વિકારી પર્યાય તે મારી નથી એમ માની વિકારનું સેવન કરે. અશુદ્ધતા ગમે તેટલી થાય તેનું સેવન કરે અને જ્ઞાનીનો ભોગ નિર્જરા કહ્યો છે તો અમારે ભોગના ભાવ વિષય-વાસનાના ભાવથી નિર્જરા છે તેમ માને તે સ્વચ્છંદ છે. ગમે તેટલો વિકાર થાય તોપણ મારે શું ? એમ માને તે સ્વચ્છંદ છે. ખરો મુમુક્ષુ એમ સ્વચ્છંદતા સેવતો નથી. પર્યાયમાં વિકાર થાય તે પોતાનો અપરાધ સમજે છે. જ્ઞાનમાં બરાબર જાણે છે. પાપમાં બેદરકાર રહેતો નથી. મુમુક્ષુનું હૃદય ભીંજાયેલું હોય છે, વૈરાગ્ય હોય છે. ૪૭૦.

● એ જ્ઞાનની દિવ્યતા છે ! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે ! જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહાપ્રભુ તો વિદ્યમાન જ છે ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે ? વસ્તુ સત્ છે ને ! વિદ્યમાન છે ને ? તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણ ને ! આહાહા ! જેની હૈયાતી નથી તેને હૈયાત જાણે ! તો પૂર્ણાનંદનો નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન હૈયાત જ છે તેને જાણ ને ! ભાઈ ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન, આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ. ૪૭૧.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૨૧
અંક-૧૨ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-8-2021
Posted on 1-8-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org